# સુંદર અને સર્વોત્તમ

સાધન સામગ્રી જેવી કે....

- ★ સુગંધીદાર અગરબત્તી
- ★ દશાંગી ધૂપ
- ★ વાળાકૂંચી
- ★ ચરવળા
- ★ સાપડા
- ★ વાસક્ષેપ
- ★ કેશર
- ★ કટાસણાં
- ★ સંથારીયાં
- ★ સાપડી

સોના ચાંદીના વરખ, પરવાળાં, કેરબા અક્કલબેર
સ્ફટિકની માળાઓ, મોરપીંછી,
ઉપકરણો, પુંજણીઓ
તેમજ—

## રેડીયમ અને પ્લાસ્ટીકની

માળાઓ, ઠવણીઓ, સાપડા વગેરે
લગ્નસરા અને દિપોત્સવી કાર્ડો,
સુશોભિત કેલેન્ડરો – વગેરે માટે

★

## મેઘરાજ જૈન પુસ્તક ભંડાર

ગોડીજી ચાલ, કીકા સ્ટ્રીટ, મુંબઇ–૨.

# સ્તવનિકા

## સાથે કથાગીતો

શાલિભદ્ર

મહાશતક

નર્મદા સુંદરી

અરણિક મુનિ

નેમ-રાજુલ

★

શાંતિલાલ શાહ

મેઘરાજ
જૈન પુસ્તક ભંડાર
બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ
મુંબઈ-૨

: પત્ર વ્યવહાર :
શાંતિલાલ શાહ
જય અંબે નિવાસ
મંછુભાઈ રોડ
મલાડ – પૂર્વ
મુંબઈ – ૬૪

: મુદ્રક :
રામદાસ ઈ. પટેલ
રજની પ્રિન્ટરી
૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઈ–૨

☆

સર્વ હક્ક કર્તાને સ્વાધીન

☆

આ પુસ્તકમાંની કોઈપણ કૃતિનો
કોઈપણ ઉપયોગ કરતાં પહેલાં
કર્તાની પરવાનગી જરૂરી છે.

☆

પ્રથમ આવૃત્તિ : સં. ૨૦૨૨

☆

: પ્રકાશક અને વિક્રેતા :
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
કુંવરજી હીરજી છેડા
મણશી મેઘજી બુકસેલર
ગોડીજીની ચાલ, કીકા સ્ટ્રીટ, મુંબઈ ૨

# 'મહાવીર દર્શન' પછી

'મહાવીર દર્શન' પછી બે વરસે એક સાથે બે પુસ્તકો પ્રગટ થાય છે. આ સ્તવનિકા અને બીજું સ્તવન – કીર્તન.

આમાં થોડાંક સ્તવનો છે અને થોડાંક કથાગીતો છે. કથાઓમાં શાલિભદ્ર, મહાશતક, નર્મદાસુંદરી, અરણિક મુનિ તથા નેમ – રાજુલ છે. એમાં અરણિક મુનિ સિવાયની બધી નવી રચનાઓ છે. અગાઉ પ્રસિદ્ધ કરેલી 'જૈન કથા ગીતો' હવે અપ્રાપ્ય છે. એમાંથી વધારે પ્રચલિત થયેલી કથાઓને નવાં પુસ્તકોમાં સ્થાન આપ્યું છે.

કથાગીતોમાં આ વખતે પૂર્વ ભૂમિકા સાથે વચમાં વચમાં સંકલન તથા વિવેચન ગદ્ય રૂપે આપ્યાં છે. અત્યારે જૈન સમાજમાં આખ્યાન – કથાઓનો યુગ શરૂ થયો છે એમ કહી શકાય. ભાગ્યે જ કોઇ સંગીતકાર કથા નહી ગાતો હોય. તેથી 'ભાવના' હવે દેરાસરની સાંકડી દીવાલોમાંથી વિશાળ ચોકમાં આવી છે! હજારો શ્રોતાઓ રસપૂર્વક સાંભળવા એકત્ર થવાં લાગ્યાં છે. વાંચનાર તથા કથા કહેનારને અનુકુળ પડે તેથી સંકલન – વિવેચન આપ્યાં છે. 'જૈન કથા ગીતો' માંના નેમ – રાજુલથી આ નેમ – રાજુલની રચના જુદી જ છે.


મને અને મારા ગીતોને સમાજે ખૂબ જ પ્રોત્સાહન આપ્યું છે તે બદલ આભારી છું.

જૈન સમાજમાં છેલ્લા દાયકાથી ધાર્મિક પ્રસંગો વધતાં જ રહ્યાં છે. પૂજા – ભાવનાઓની સંખ્યા વિશાળ બનવા લાગી છે. ત્યારે સંગીતકારોની મોટી અછત છે! લોકોને મુગ્ધ કરે એવાં સંગીતકારો કેટલાં? આજની જનતાની સંગીત – ભૂખને સંતોષે એવાં કલાકારો – કથાકારો કેટલાં?

છતાં આશ્ચર્ય એ છે કે સમાજને એ માટે કંઈ જ પ્રયત્ન કરવાની જરૂર લાગતી નથી! નવાં સંગીતકારોને તૈયાર કરવાની કોઈને ય ઈચ્છા થતી નથી! સાધન અને સંપત્તિ વિપુલ પ્રમાણમાં હોવા છતાં સંગીતના વિષયમાં આપણે સાવ કંગાળ જેવાં છીએ! લોકોને રોજ નવું નવું જોઈએ છે – ગીત – સંગીત અને ગાયકો! પણ પોતામાંથી તૈયાર કરવાની કોઈને ય સૂઝ પડતી નથી! કેવી શોચનીય દશા છે આપણી! બહારના સંગીતકારો આપણી ભક્તી – ભાવના સાથે એકરૂપ થઈને આપણામાં અસર ઉભી કરી શકશે ખરાં?

જૈન સમાજમાં આજથી વીસ – બાવીસ વરસો પહેલાં જ્યારે મેં સંગીતકાર તરીકે પ્રવેશ કર્યો ત્યારે જ મેં આ તરફ સમાજનું ધ્યાન ખેચ્યું હતું. અને આજે હવે વિદાય વેળાએ પણ મારી ફરજ અને અંતરના દર્દ તરીકે સમાજને અપીલ કરૂં છું.

વસંત પંચમી – ૨૦૨૨ શાંતિલાલ શાહ



સમાજ, ધર્મ અને રાષ્ટ્રને
સુયોગ્ય દોરવણી આપી
રહેલ સમયજ્ઞ – પૂજ્યપાદ

આચાર્ય શ્રી વિજયધર્મસૂરિશ્વરજી મહારાજને

# અનુક્રમ


૧ ભાવના ... ... ૭
૨ પ્યારા પારસનાથ ... ૮
૩ વધામણા ... ૧૦
૪ મહાવીર જ્યોત ... ૧૧
૫ વરદાન ... ... ૧૨
૬ શ્રદ્ધા ... ... ૧૪
૭ તારે ચરણે ... ૧૫
૮ ચતુર થઈને ... ૧૬
૯ તારે શરણે ... ૧૭
૧૦ સુકાની ... ... ૧૯
૧૧ તારી દયા ... ૨૦
૧૨ દાતાર ... ... ૨૧
૧૩ પર્યુષણનો સંદેશો .. ૨૨
૧૪ એક જ પ્યાલી ... ૨૩
૧૫ અવિસ્મરણ ... ૨૪
૧૬ અંતર ... ... ૨૫
૧૭ શું કહીએ? ... ૨૬
૧૮ ચંચળતા... ... ૨૮


## કથા ગીતો


શાલિભદ્ર ... ... ૩૦
મહાશતક ... ... ૪૬
નર્મદાસુંદરી ... ... ૫૭
અરણિક મુનિ ... ૭૧
નેમ – રાજુલ ... ૮૦

# ભાવના

ભાવું તારી ભાવના
હે જિનરાજ, તારી કરવી આરાધના.

તૂટ્યો-ફૂટ્યો તંબૂરો લઈને તવ મંદિરે આવું
તાલ-સ્વરની સમજ પડે ના તો ય ભાવથી ગાઉં
જીવન-સંગીતની કરવી છે સાધના.

અગણિત તારા ગુણની ગરવી કરવી મારે કવિતા
નિત્ય-નિરંતર ઘટ ઘટ વહેતી તારી સ્નેહ-સરિતા
કરૂં છું સદાયે તારી કરુણાની કામના.

જીવન ઉજ્વળ કરવા કાજે ઝંખુ પ્રેમળ-જ્યોતિ
જુગજુગથી આ આતમ મારો તને રહ્યો છે ગોતી
સ્વીકારજે તું મારી અધુરી ઉપાસના.

☆

# પ્યારા પારસનાથ

પત્થરને પારસ કરનારા
કથીરને કાંચન કરનારા
પ્યારા પારસનાથ.

જીવનની જ્યોતિ ધરનારા
અંતરનો તિમિર હરનારા
પ્યારા પારસનાથ.

પત્થર જેવો પામર પ્રાણી
નહિ ઘડતર કે ઘાટ
અંધારે અંધારે ભટકું પણ
ના મળતી કોઇ વાટ,
ઘટ ઘટના જીવતર ઘડનારા
આંતર–શત્રુને હણનારા
પ્યારા પારસનાથ.

ભડભડતી ઓલ્યા જોગીની આગમાં
નાગને બળતો દીઠો
મુંગા રે જીવને, મૃત્યુ ટાણે
મંત્ર સુણાવ્યો મીઠો.

ઝેર હલાહલ જીરવનારા
નયણેથી અમૃત વરસાવનારા
પ્યારા પારસનાથ.

હું છું અનાથ, મારે થાવું સનાથ
મને દે જો રે સાથ, ઓ ત્રિભુવનના નાથ
ભવાટવિમાં ભૂલ્યો પડ્યો છું
ઝાલજો મારો હાથ,

ભૂલ્યાંને મારગ દેખાડનારા
ડૂબેલાંને ઉગારનારા
પ્યારા પારસનાથ.

☆

બળતી આગે નાગ ઉગાર્યો અંતર કરુણા આણી
હું પણ એમ જ બળી રહ્યો છું છાંટો પ્રેમનું પાણી

# વધામણાં

રાજા સિદ્ધારથ ગૃહે વાગી રહી શરણાઇ
પુત્ર જન્મને કારણે આપે લોક વધાઇ

ગાઓ ગાઓ રે મંગલ ગીત
થાય અંગ અંગ આજ પુલકિત.
ક્ષત્રીય કુંડે ત્રિશલા કુખે
જન્મ્યો રે રાજકુમાર

પૂનમના ચંદ્ર જેવું
ચમકે છે મુખ જેનું
તેજ તેજના અંબાર

વનઉપવનમાં વસંત કેરો
વાયુ વહે છે શીત
છેડે મધુર સંગીત ... ગાઓ

ઘેર ઘેર આનંદ છાઇ રહ્યો ને ગાઇ રહ્યાં નરનાર
બારણે બારણે તોરણ બંધાયાં ને આંગણે રંગ મનોહાર

જનમ જનમના વેરીઓમાં
પણ પ્રગટી અનોખી પ્રીત !
ગાઓ રે મંગલ ગીત.

☆

# મહાવીર જ્યોત

જિનધર્મીઓ, જો જો રે એક વાત નહિ ભૂલાય
મહાવીરે પ્રગટાવ્યો દીવડો જો જો ના બૂઝાય.

જીવ માત્રથી મૈત્રીનો સંદેશો એણે દીધો
નિજ વર્તનથી વિશ્વપ્રેમનો પાઠ પઢાવી દીધો
ભાઇ ભાઇના કુસંપની આજે લાગી છે લા'ય ! મહાવીરે

આજ ઘણાં માને પોતાને મહાવીરના સંતાન
જુદાં જુદાં વાડા બાંધીને રાખે છે અભિમાન
આકાશે ઉડનારૂં પંખી પિંજરમાં પૂરાય. મહાવીરે

રાજપાટ ને અખૂટ વૈભવ બધું વિસારી દીધું
ઇંદ્રે વસ્ત્ર દીધું પણ વીરે એને ફગાવી દીધું !
જો જો એવા વીતરાગીનો મારગ ના વિસરાય. મહાવીરે

એક પાસ છે ઠાઠમાઠ ને બીજી પાસે રૂદન
વૈભવની છોળો ઉડતી તો કંઇક થયાં છે નિર્ધન
સ્વામીવત્સલની સરવાણી જો જો ના સુકાય. મહાવીરે

માનવતાનો મંગલ દીવડો પ્રગટાવ્યો મહાવીરે
પ્રકાશ એનો આજે ઝાંખો થાતો ધીરે ધીરે
સાવધ રે'જો અંધકારના ઓળા ના પથરાય
મહાવીરે પ્રગટાવ્યો દીવડો જો જો ના બૂઝાય.

☆

# વરદાન

ગાઉં તારાં ગીત, પામું તારી પ્રીત
એવું દે પ્રભુ વરદાન મને
સ્નેહથી અંકિત, ગૂંજે રે સંગીત – એવું

ભિંજાતું રહે સદા ભક્તિના રસથી
જો જે ના કાળજું કોરું રહી જાય
ધર્મનો દીપક પ્રગટે નહિ ત્યાં
જો જે ના આયખું પૂરું થઇ જાય!
વાટ છે વેરાન, થઉં ના હેરાન – એવું

સરિતાના જળ જેમ વહેતાં અખંડ એમ
ગાઉં નિરંતર તારાં ગુણગાન
જો જે નહિ આવે મને જરી અભિમાન અને
જો જે નહિ ચૂકું કદી પ્રભુ તારું ધ્યાન

ફળે મુજ આશા
થઉં ના નિરાશ
એવું દે પ્રભુ, વરદાન મને.

ભૂલભૂલામણી જેવી આ જીંદગી
ક્યાંયે ન પંથ દેખાય મને
ક્રોધ–માન માયા અને લોભ કેરી છાયા મહીં
તારું દર્શન મને થાય નહિ!

અંધારી છે રાત
પ્રગટે પ્રભાત
એવું દે પ્રભુ વરદાન મને.

☆

દર્શન તારું પામી શકું હું દૃષ્ટિ એવી દે જે
સહુનો મિત્ર બનું સૃષ્ટિમાં શક્તિ એવી દે જે

# શ્રદ્ધા

વીતરાગી વિના કોણ મને ભવથી તારશે ?
તારા વિના સહારો મને કોણ આપશે ?

ભટકું છું ભાન ભૂલી
સંસારની ગલીમાં —
તારા વિના બીજું કોણ મારો હાથ ઝાલશે ?

દિનરાત રંગરાગે ડૂબી રહ્યો વિલાસે
તારા વિના રે કોણ મને બહાર કાઢશે ?

પ્રત્યેક શ્વાસમાં છે
વિશ્વાસ પ્રભુ તારો
કે તુંજ મારી નાવને કિનારે લાવશે !

☆

# તારે ચરણે

જનમ જનમથી ભટકી ભટકી આવું તારી પાસ રે
ભવસાગરથી તું જ તારશે એવો છે વિશ્વાસ રે.

જ્ઞાનની જ્યોત બતાવી તેં તો, તો પણ છું અજ્ઞાન
જીવનપંથ બતાવ્યો તો પણ હું તો છું અણજાણ
રખડી રઝળીને હું આવું કેવળ તારી આશ રે.

સાચું સગું નહિ આ સંસારે સ્વારથની છે માયા
સુખની આશામાં ભટકું પણ મળતી દુઃખની છાયા
અંધારે અંધારે શોધું તારો પ્રેમ–પ્રકાશ રે.

આલંબન બીજાંનું છોડી આવ્યો તારે શરણે
ત્રિશલાનંદન, ભવદુઃખભંજન બેઠો તારે ચરણે
પતીતપાવન પૂરી કરજે અંતરની અભિલાષ રે.

☆

# ચતુર થઇને ચૂક્યાં

અમે પંથ તમારો ભૂલ્યાં
હે પ્રભુ, મહાવીરસ્વામી.!

અમે રંગ ને રાગમાં ફૂલ્યાં
હે પ્રભુ, મહાવીરસ્વામી.!

સત્યનો જાપ નિરંતર જપીએ અસત્ય છે રગરગમાં
અહિંસાનો આદર્શ છતાં યે હિંસા છે તનમનમાં
અમે મોહને ઝૂલે ઝૂલ્યાં
હે પ્રભુ, મહાવીરસ્વામી.!

કામ–ક્રોધમાં લુબ્ધ થયાં ને લોભમહીં લપટાયાં
ભાન ભૂલી અભિમાને ચઢિયા જ્ઞાન-ધ્યાન વિસરાયાં
અમે ઝેર કટોરા ઘૂંટ્યાં – હે પ્રભુ.

સ્વાર્થમહીં સૌ રચ્યાં પચ્યાં ને સાધર્મીને ભૂલીએ
આડંબરમાં મસ્ત બનીને ધર્મની વાત વિસરીએ
અમે ફૂલણજી થઇ ફૂલ્યાં – હે પ્રભુ.

ધર્મનું સાચું તત્વ સમજીએ એવી સન્મતિ આપો
પ્રેમના પંથે પગલાં ભરીએ જડતા – કુમતિ કાપો
અમે ચતુર થઇને ચૂક્યાં
હે પ્રભુ, મહાવીરસ્વામી.!

☆

# તારે શરણે

ઝેર ભરેલાં જગમાં પ્રભુજી તારા વેણ મધુરાં
નિશદિન સ્નેહ–સુધા વરસાવે તારા નેણ મધુરાં,
તારે શરણે પાવન થાતાં પાપી પૂરેપૂરાં
તારે શરણે કર્મે શૂરાં થાતાં ધર્મે શૂરાં!
પ્રભુ, તારે શરણે આવું
તુજ ભક્તિના ગીત ગાઉં.

જાણું છું કે મહાદુર્લભ છે માનવ જન્મ જગતમાં
જાણું છું કે વહી જાશે આ જીવન અલ્પ વખતમાં
જાણું છું કે એક દિવસ લઇ લેશે કાળ ઝપટમાં
જાણું છું ને તોય સદાયે રમતો બાળ–રમતમાં!
તુજ ચરણે શીર નમાવું
તુજ ભક્તિના ગીત ગાઉં.

નથી લાગતી બીક પ્રભુની પળ પળ જુઠું બોલું
અવગુણનો ભંડાર છતાં યે પરના છિદ્રો ખોલું
મારો દોષ છતાં યે હું તો શીર બીજાને ઢોળું
મારો ન્યાય, હું મારે હાથે, મારે ત્રાજવે તોળું!

હું નમ્ર બનીને આવું
તુજ ભક્તિના ગીત ગાઉં.

દુસ્તર છે આ ભવસાગર ને છે દૂર દૂર કિનારો
ડૂબી જઉં ના જો જે ભગવન, હાથ પકડજે મારો
તારે શરણે આવેલાંને મળે નહિ જાકારો
તારે ચરણે મૂકી દીધો મેં અંતરનો એકતારો.
એનો સ્વર મધુર રણકાવું
તુજ ભક્તિના ગીત ગાઉં.

☆

અહિંસાનો આદર્શ જગતને જૈનોએ ધરવાનો
'મિત્તિ મે સવ્વ ભૂએસુ' ને ચરિતાર્થ કરવાનો.

# સુકાની

મારી નૈયા ડૂબી રહી છે મઝધાર
કરુણા લાવીને મને ઉતારો પાર.
મારા મારગમાં છાયો છે ઘોર અંધકાર.

સાગર તોફાની અને નાવ છે પુરાણી
માંડ્યું ભરાવા હવે નાવડીમાં પાણી!
પેલાં મોજાંઓ ઉછળે છે અપરંપાર.

ગર્જન્તો મહેરામણ મોટો ચોગરદમ છે પાણી
કિનારો દેખાય નહિ ને દિશા થઈ અણજાણી
માથે વરસે છે મેહુલો અનરાધાર!

તારે હાથ હવે જિંદગાની
તુંજ બની જા મારી નાવનો સુકાની
તારા વિના છે કોણ બીજો તારણહાર?!

☆

# તારી દયા

તારી દયા છે અપરંપાર
પામર માનવી પામે શું પાર?

જુગજુગથી કંઇ સુરવર મુનિવર
ગાઇ રહ્યાં ગુણગાન
તારું કીર્તન કરતાં કરતાં
કાયા કરી કુરબાન
તારા નામનો મહિમા અપાર.

આજ ભલે ને હોય નિરાશા ને અંધારી રાત
તારી કૃપાના કિરણોથી તો ઉગશે નવું પ્રભાત
આશાવરી કરશે રણકાર.

સુખને દુઃખ ગણે આ માનવ
દુઃખમાં સુખ જ મા'ણે
સુખદુઃખની ઘટમાળની રચના
જ્ઞાની કોક પિછાણે
જાણે તે ઉતરે ભવપાર.

☆

# દાતાર

હે કરુણાનિધાન !
તારે દ્વારે આવીને કોઇ ખાલી હાથે જાય ના.

આ દુનિયામાં કોઇ નથી રે તુજ સરખો દાતાર
અપરંપાર દયા છે તારી તારા હાથ હજાર
તારી જ્યોતિ પામીને કોઇ
અંધારે અટવાય ના ... ખાલી

શરણે આવેલાનો સાચો તું છે રક્ષણહાર
ડગમગતી જીવનનૈયાનો તું છે તારણહાર
તારે પંથ જનારો કદી યે
ભવરણમાં ભટકાય ના ... ખાલી

ખૂટે નહિ કદાપી એવો તારો પ્રેમ-ખજાનો
મુક્તિનો મારગ બતલાવે એવો પંથ મઝાનો
તારે અંકે જે કોઇ બેસે
રંક પછી રહી જાય ના ! ... ખાલી

☆

# પર્યૂષણનો સંદેશો

પર્વાધિરાજ આપે છે સંદેશો મહાન
પુણ્યશાળી આતમાને કરતો સાવધાન.

સર્વ પર્વ માંહે આ પર્વ છે નિરાળું
જીવનની જડતાનું દૂર કરે જાળું
જિનવરની વાણીનું કરાવે રસપાન.

તનને તપાવે અને કર્મને ખપાવે
આત્મજ્ઞાનની જ્વલંત જ્યોત પ્રગટાવે
સમતા ને શાંતિનું અણમોલું દાન.

મહિમા છે મિત્રતાનો, સ્નેહની છે સાધના
વેર–ઝેરને વિસારીને કરો ક્ષમાપના
લાખ લાખ કંઠ કરે એના ગુણગાન.

પુણ્યનું છે પોષણ ને પાપનું શોષણ
પાવનકારી ખરે જ પર્વ આ પજૂષણ
સંદેશો ઝિલજો રે કરી બહુમાન.

☆

# એક જ પ્યાલી

કરુણાસાગર જો જો મારી ગાગર ના રહે ખાલી
પ્રેમના પારાવાર મહીંથી માગું એક જ પ્યાલી.

જ્ઞાની જેને દુ:ખ ગણે એમાં હું સુખ મા'ણું
શાશ્વત સુખનો પંથ બતાવ્યો તો યે નહિ પિછાણું
ખૂંપી ગયો છું કાદવમાં હવે ના શકું હાલી કે ચાલી!

અવગુણનો ભંડાર છતાં યે પરનિંદામાં રાચું
સાચું એ મારું એમ નહિ પણ મારું જ માનું સાચું!
રાત ને દિવસ અંધ બનીને માયામાં રહું મા'લી.

શાંતિ ને સંતોષ મળે ના તૃષ્ણાનો નથી આરો
પુણ્યની કાંઇ કમાણી કરી ના માથે પાપનો ભારો
ભવને દરિયે ડૂબી રહ્યો છું ઉગારજો હાથ ઝા'લી.

☆

# અવિસ્મરણ

પ્રભુ તારું નામ વિસારૂં નહી.
જગદીશ્વર જિનરાજ વિના રે
કોઇને હું અવધારૂં નહી.

તારા નામ રટણથી થાયે પુલકીત આતમરામ
શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરે તો થાયે પૂરણ કામ
તારી પ્રેમળ–જ્યોત જલે તો અંતરમાં અંધારૂં નહી.

ક્ષમા અને સમતાથી સોહે નહિ મમતા કે માયા
દાવાનળથી દાઝેલાંને મળતી શીતળ છાયા
તારા નામ પ્રતાપે દુઃખમાં,
કદીય હિંમત હારૂં નહી.

ભવસાગરમાં ડૂબતાં કંઇ યે તરી ગયાં તુજ નામે
પાપી થાતાં પલક વારમાં પુણ્યશાળી તુજ નામે
તારું પ્યારું નામ તજીને
બીજું કંઈ લલકારૂં નહી.

☆

મારી તમારી વચ્ચે અંતર પડયું છે ઝાઝું
મારા જીવનનું આજે વાગે બસ્સૂર વાજું.

બેઠા ઊંચા શીખર પર હું તો પડ્યો છું ખીણમાં
પડતો જઉં હજી પણ એકે ન અંગ સાજું.

સીધો બતાવ્યો રસ્તો ઊંધો જઇ રહ્યો છું
અજ્ઞાન છું છતાં યે અભિમાનમાં હું ગાજું.

શીળી તમારી છાયા છોડી રઝળતો રણમાં
સંતાપથી ભરેલા સંસારથી હું દાઝું.

ભવસાગરે ડૂબું છું દીનબંધુ હાથ ઝાલો
લેજો તમારે શરણે કહેતાં હવે હું લાજું!

☆

વિરોધ કરનારાની સામે ક્રોધ કર્યો ના લગીર
વેરીને પણ વ્હાલ કરીને વશ કરતાં મહાવીર

# શું કહીએ ?

ઓ દીનબંધુ રે,
તમને શું કહીએ ?
ક્યાં રે જવું છે ને ક્યાં અમે જઇએ રે ?
તમને શું કહીએ ?

અમૂલખ એવા માનવ ભવની
કિંમત કંઇ ના પિછાણી
દુનિયાના રંગમાં રમતાં રમતાં
કરી જિંદગી ધૂળધાણી

કોહીનૂરથી યે મોંઘા એવા આ જનમને
કોડીનો કરીએ રે !
તમને શું કહીએ ?

સંસાર સાગર મહાતોફાની
દીસે નહિ રે કિનારો
જીવનનૈયા ડગમગ ડોલે
ક્યાં યે નથી રે સહારો

મોહ ને માયાના મોજાંઓ ઉછળે
એમાં ડૂબીએ રે!
તમને શું કહીએ?

સાચાનું ખોટું ને ખોટાનું સાચું
કરવું પડે છે અમારે
એવી આ દુનિયામાં ગમે ના ગમે તો યે
જીવવું પડે છે અમારે!

ઉગારજો આ દાવાનળેથી
એટલું વિનવીએ રે
બીજું શું કહીએ!

☆

હે વીર,
તમે આવ્યા તો સત્ય–અહિંસા ફરી પ્રતિષ્ઠા પામ્યાં
તમે આવ્યા તો ધર્મશાસ્ત્રના વાદવિવાદ વિરામ્યાં!

# ચંચળતા

માળા લઇને હાથમાં ધરીએ તારું ધ્યાન
મન ભટકે સંસારમાં ભૂલીને ભગવાન !

☆

પ્રભુ તારા નામની
માળા ફેરવીએ ત્યારે
મનડું ફરે છે ફેરા સંસારમાં !

હાથમાં હોય ફરતો
માળાનો મણકો જ્યારે
હૈયામાં સંભળાતો
રૂપિયાનો રણકો ત્યારે !
જરી વાર જંપીને જપવા બેસીએ ત્યારે – મનડું

ધીરજ ના રે'તી જરી યે પ્રભુ તારા ધ્યાનમાં
સ્થિર ના થાતું ચિત્તડું પ્રભુ તારા સ્થાનમાં
ઘડી બે ઘડી રે તારા સ્તવનો સાંભળીએ ત્યારે –
મનડું ફરે છે ફેરા સંસારમાં !

સંતોની વાણી સુણતાં
નયણામાં નિંદ આવે !
ભગવત્ – ભક્તિનું ભોજન
અમોને નહી રે ભાવે !
તારે મંદિરિયે આવી પૂજન કરીએ ત્યારે – મનડું

એવું છે ચંચળ ચિત્તડું
પ્રભુજી અમારું
દીવો છે હાથમાં
તો યે અંધારૂં !
મોટું મન રાખી વ્હાલા એટલું આપજે કે
ફેરા રહે ના પાછા સંસારમાં !

☆

જ્ઞાન – અગ્નિ પર રાખ વળી ને ક્રિયા થઇ ગઇ કોરી
માનવ ચાલ્યો ઘોર અરણ્યે મૂકી મારગ ધોરી !

# શાલિભદ્ર

એક ભાંગી તૂટી ઝુંપડીમાં અત્યંત ગરીબ અવસ્થામાં માદીકરો રહે. માતા મજુરી કરી કરીને માંડ માંડ પુરૂં કરે.

એક દિવસ ગામમાં ઉત્સવ હતો. ઘેર ઘેર ખીરનું જમણ થયેલું. જમ્યા પછી બાળ મિત્રો રમવા ભેગા થયા. સૌ એ પોતે ખાધેલી વાનગીઓનું વર્ણન કરવા માંડ્યું. આ ગરીબ બાળકને પણ એના શ્રીમંત મિત્રોએ પૂછવા માંડ્યું. બિચારો શું જવાબ આપે ?! એણે માત્ર સૂકો રોટલો ખાધો હતો !

ખીરના વખાણ સાંભળી એને ઓછું આવી ગયું. ઘેર દોડ્યો અને માના ખોળામાં પડી ને ધ્રુસકે ધ્રુસકે રડ્યો. માએ કારણ પૂછ્યું. બાળકે ખીર ખાવાની હઠ લીધી. માને હા પાડવી જ પડી.

બીજે દિવસે માએ ખીર બનાવી – પડોશમાંથી દૂધ સાકર માંગી લાવી ને સમય થતાં આ બાળક જમવા બેઠો. ખીરનું છાલિયું મોં પાસે લાવીને ચાખવા જાય છે ત્યાં તો બારણે કોઇ સંતનો 'ધર્મલાભ' શબ્દ સંભળાયો. મુનિવરને જોતાં જ બાળક હર્ષથી ઊભો થયો ને વંદના કરી. મુનિરાજે પાત્ર મૂક્યાં.

બાળકે તમામ ખીર આનંદપૂર્વક વહેરાવી દીધી.

માતાને ખૂબ જ આનંદ થયો.

ગઇકાલે ખીર ખાવા માટે ખૂબ રૂદન કરેલું તે બાળક મુનિને તમામ ખીર વહેરાવે એ કેટલું આશ્ચર્ય ?

કથાકાર કહે છે બાળકે જાણે પોતાનું સર્વસ્વ દાન કરી દીધું.

દાન કેટલું છે તે નહી પણ કેવું છે એની મહત્તા છે.

અને કાળધર્મ પામીને આ બાળક બીજે ભવે જગ-વિખ્યાત શાલિભદ્ર તરીકે જન્મ પામ્યો.

રાજગૃહી નગરી, પિતાનું નામ ગોભદ્ર શેઠ. માતાનું નામ ભદ્રા શેઠાણી. શાલિભદ્રની રિદ્ધિ – સિદ્ધિનું વર્ણન આવું છે :

આસમાનનું સ્વર્ગલોક જાણે ધરતી ઉપર આવ્યું
આ સંસારે શાલિભદ્રને સ્વર્ગ તણું સુખ લાધ્યું
પરભવમા વાવેલા બીજને આજ હવે ફળ લાગ્યું. આ.

ગગન ચૂમતા ભવ્ય મહેલમાં વસતો સાતમે માળે
તડકા – છાંયા, શરદી – ગરમી ભાળે નહી કોઇ કાળે
દેવોને પણ ઇર્ષ્યા આવે એવું જીવન માણ્યું !

☆

એક જુઓ ને એક ભૂલો એવી બત્રીસ બત્રીસ નારી
રાત ને દિવસ આ રમણીઓ રંગમાં રમનારી.

નીત નીતના શૃંગાર નવાં
નીત નીતના અભિસાર નવાં

રુમક ઝુમક નર્તન કરતી કોઇ પાયલના ઝંકાર નવાં
જીવન રંગ વસંત બહારે રસનું પૂર વહાવ્યું
આ સંસારે શાલિભદ્રને સ્વર્ગ તણું સુખ લાધ્યું.

મ્હેંક મ્હેંક થાતાં અત્તરના ઉડતાં કંઇક ફુવારા
રંગબેરંગી રેશમના કંઇ હીરના ચીર છે ન્યારા
આજ ચઢ્યું જે અંગ ઉપર તે કદી ફરી નહી આવ્યું !

☆

કહે છે કે ઉત્તરાવસ્થામાં શાલિભદ્રના પિતા સાધુ થયેલા. કાળધર્મ પામીને દેવલોકમાં ગયા પછી એમને શાલિભદ્ર પ્રત્યે લાગણી થવાથી સ્વર્ગમાંથી રોજ નવ્વાણું પેટીઓ, દાગીના-વસ્ત્રો ને ખાદ્ય સામગ્રીઓ ભરેલી મોકલતાં.

બીજી બાજુ શાલિભદ્રની માતા ભદ્રા શેઠાણીએ પુત્ર મોહને કારણે વ્યવહાર ને વેપારની સર્વ જવાબદારીમાંથી પુત્રને મુક્ત કરી દીધો અને રંગરાગમાં ડૂબાડી દીધો. કદાચ દીકરો દીક્ષા લઇ લે તો ?

એક દિવસ દૂર દૂર નેપાળ દેશથી કેટલાક વેપારીઓ અનુપમ વસ્ત્રો લઇને આવી પહોંચ્યાં.

દૂર દૂર નેપાળ દેશથી આવ્યાં કંઇ વેપારી
નવી જાત ને નવી ભાતનાં વસ્ત્રો છે મનોહારી.

ઝગમગતા સાચા રત્નોથી ગુંથાયેલી કામળી
લાલ–પીળી–હરિયાળી–વાદળી આછી ઘેરી જામળી
'લઈ લ્યો, લઈ લ્યો રાજગૃહીના રસીયા ઓ નરનારી. !

સવા લાખ સોનૈયા કેરી એક એક છે સાડી
આ સાડીમાં શોભશે કોઇ લક્ષણવંતી લાડી !
શેરી શેરીએ સાદ પાડતાં ઘૂમતાં આ વેપારી.

સવા લાખ સોનૈયાની જ્યાં સાંભળી સૌ એ કિંમત
ભલભલા ધનવાનોની પણ ચાલી ના કંઇ હીંમત !
શ્રેણિક જેવા રાજાએ પણ જ્યારે દીધી નકારી !

વેપારીઓ સૌ પ્રથમ મહારાજા શ્રેણિક પાસે પહોંચ્યાં. સાચા રત્નોથી ગુંથાયેલી રત્નકામળીઓ જોઇ શ્રેણિકરાજા મુગ્ધ થઇ ગયાં. રાણીઓ પણ લેવા માટે આકર્ષાઇ. પણ આવી મોંઘી વસ્તુઓના મોજશોખ ખાતર પ્રજાના પરિશ્રમના પૈસા વેડફી દેવાના ન હોય એમ કહી પોતાની લાચારી દર્શાવી.

વેપારીઓ નિરાશ થઇ ગયા. રાજા ન લઇ શક્યા તો પ્રજામાંથી તો કોણ લેવાનું હતું !

આ સમાચાર મળ્યા ભદ્રા શેઠાણીને. વેપારીઓ ખાલી હાથે રાજગૃહીમાંથી પાછા ફરે તો એમાં બધાંયનું પાણી જાય એમ સમજી એમણે કંઇક ખરીદી માટે વેપારીઓને પોતાને ત્યાં નિમંત્ર્યા.

ભદ્રા માતા જુએ કામળી
કારીગરી જોતાં આંખો ઠરી.

'બત્રીસ વહુના બત્રીસ નંગ
એક જ સરિખા દે જો રે રંગ'
સુણતાં વેપારીઓ થઇ ગયા દંગ!

'કરતાં નથી ને માતા મશ્કરી'

'એક નંગના સવા લાખ સોનૈયા
શ્રેણિક રાયના પાણી ઉતરિયા
બોલજો શેઠાણી વિચાર કરી'

'પૈસાની ચિંતા ન કરશો લગીર
આપી દીયો મને બત્રીસે ચીર'
વેપારીને હૈયે શાતા વળી.

'સોળ જ નંગ અમારી કને
બત્રીસની નહી વાત બને'

'દઈ દ્યો રે બબ્બે ટૂકડા કરી.'

નિરાશ થયેલા વેપારીઓ સંતોષ પામીને વિદાય થયાં. સોળ સાડીઓના બત્રીસ ટૂકડા થયા અને એનો ઉપયોગ કેવો થયો?

બત્રીસ વહુએ પગ લૂછીને કામળ ફેંકી દીધી !
શ્રેણિકને કાને જઇ પહોંચી શાલિભદ્રની રિદ્ધિ
'માનસહીત બોલાવો એમને પરિચય કરવા કાજે
આખી રાજગૃહીની એણે રાખી આબરૂ આજે.'

☆

શાલિભદ્ર નામના શેઠને ત્યાંથી વેપારીઓ સંતોષપૂર્વક સોદો કરી શક્યાના સમાચાર શ્રેણિકરાજાએ સાંભળ્યા. આવા દેશાભિમાની માણસે રાજ્યનું ગૌરવ વધાર્યું તેથી એને દરબારમાં સારી રીતે માનપત્ર આપવાનું જાહેર કર્યું.

આમંત્રણ મળતાં જ શેઠાણી વિચારમાં પડી ગયા. એક રીતે તો મહારાજાના આ પગલાંથી પ્રસન્નતા થઇ પણ બીજી રીતે ચિંતાનું કારણ બન્યું. શાલિભદ્રને અત્યાર સુધી ઘરની બહાર જવા દીધો નથી. વ્યવહારનું જ્ઞાન જરા યે નથી. રાજદરબારમાં ઉલટી હાંસી થાય એમ સમજી માતા મહારાજા પાસે પહોંચી.

પોતાનો પુત્ર એટલો બધો શરમાળ અને નમ્ર છે કે ભર્યા દરબારમાં આવું માન લેતાં એને ખૂબ સંકોચ થાય છે. વધુમાં પોતે પ્રજાજન તરીકે માત્ર ફરજ અદા કરી છે, એવું જણાવ્યું. 'અને છતાં આપની ભાવના હોય તો કૃપા કરી મારે ઘેર આપ પધારો અને મારા પુત્રને આશીષ આપો.' શ્રેણિકે કબુલ કર્યું.

મગધપતિ મહારાજ પધારે શાલિભદ્રને દ્વારે
માતા ભદ્રા સાચા મોતીથી શ્રેણિકને સત્કારે.

'પાવન થયું રે આંગણું મારું
ધન્ય બન્યું રે જીવન અમારું'
સ્વર્ગલોક સાક્ષાત નિહાળે શ્રેણિક આ સંસારે.
શાલિભદ્રને દ્વારે.

મહેલ બનાવી રહી શેઠાણી
રાજા નિરખે અચરજ આણી
અપૂર્વ વૈભવ જોઈ જોઈને ડૂબ્યાં કંઈક વિચારે.
શાલિભદ્રને દ્વારે.

☆

શાલિભદ્રનો મહેલ જોતાં જોતાં શ્રેણિકને ખાતરી થઈ ગઈ કે પોતાનો રાજમહેલ અને વૈભવ આની પાસે કંઈ જ નથી! શેઠાણી શાલિભદ્રને બોલાવી લાવવા માટે સાતમે માળે દોડી. બત્રીસ સ્ત્રીઓના નૃત્ય અને સંગીતમાં ડોલી રહેલા શાલિભદ્રે માતાની અચાનક હાજરી જોતાં રંગમાં ભંગ અનુભવ્યો.

માતાપુત્ર વચ્ચે આમ વાતચીત થઈ:

'નીચે તો આવ ભાઇ, નીચે તો આવ
મળવા આવ્યા તને શ્રેણિક રાય.'

'કોણ એ શ્રેણિક ને કોનો એ રાય?
માતાજી મુજને કંઈ ના સમજાય!'

'શ્રેણિક રાજા મગધનો ધણી
ઉપજી છે તુજ પર માયા ઘણી
જલ્દી ઉપાડ ભાઈ, હવે તું પાય. ... મળવા'

'કદીએ ન સાંભળ્યું એનું મે નામ
આજ એને મારું પડ્યું શું કામ?
ક્ષમા કરો માડી, લાગું છું પાય.'

'થારે વીરા નહી એવો નાદાન
રાજાને લાગશે મોટું અપમાન
એ તો આપણો સ્વામી કહેવાય
એનો અનાદર ભારે પડી જાય.'

☆

જેમ તેમ સમજાવીને શેઠાણીએ શાલિભદ્રને તૈયાર તો કર્યો. પણ એના હૈયામાં એક શબ્દ ભાલાની જેમ ભોંકાયો. 'મારે માથે આ સ્વામી બેઠો છે.' 'હું સ્વાધીન નથી.' આવા વિચાર કરતો શાલિભદ્ર રાજાને મળ્યો. શ્રેણિક રાજા એને

ભાવપૂર્વક ભેટ્યા. પ્રસન્નતા દર્શાવી. પણ ત્યાં તો કોણ જાણે શું થયું કે શાલિભદ્રને અંગે અંગે પરસેવો છૂટી ગયો—નરવસ થઇ ગયો. માતા આશ્ચર્યમાં પડી ગઇ. 'તબીયત બરોબર નથી' એવું કહીને શાલિભદ્રને ત્યાંથી છૂટો કર્યો. આશીર્વાદ આપીને શ્રેણિક વિદાય થયા.

શાલિભદ્ર પાછળ વાઘ આવતો હોય એમ દોડીને ઉપર ચાલી ગયો. એના ચહેરા પરની ગંભીરતા—ઉદાસીનતા જોઇ એની પત્નીઓને ચિંતા થઇ ગઇ. નાચ ગાનની તૈયારી કરવા માંડી. એને રિઝવવાના અનેક પ્રયાસો શરૂ થવા લાગ્યા.

શાલિભદ્રે પોતે હમણાં વિચારમાં છે એમ કહી, ત્યાંથી સૌને બાજુના ખંડમાં જવાની સૂચના કરી.

શાલિભદ્ર તીવ્ર મંથન અનુભવી રહ્યો:

શાલિભદ્ર વિચાર કરે
મનમાં કંઇ ભાવો ઉભરે:
'આટ આટલું સુખ છતાં પણ ખરી નથી સ્વાધિનતા
શ્રેણિક જેવો રાજવી માથે એ છે કેવી હીનતા!'
ચિંતનની ઘટમાળ કરે.

સુખ હતું પણ દુઃખરૂપ સમજી સર્વ પિતાએ ત્યાગ્યું,
'હું કેવો કમભાગી – મુજને સત્ય નહિ સમજાયું.
નયણે અશ્રુબિંદુ સરે.

આજ પ્રથમ એના અંતરમાં અદ્‌ભૂત મંથન જાગ્યું
વિલાસ વૈભવનું આ જીવન ખારૂં ખારૂં લાગ્યું!
સંયમનો નિરધાર કરે!

☆

હિંસાની પરાકાષ્ટા થાય ત્યારે અહિંસા ખૂબ નજીક આવે છે.

વિલાસની પરાકાષ્ટા થાય ત્યારે વિરાગ નજીક આવે છે.

શાલિભદ્રને સાધુ થયેલ પિતા સાંભરી આવ્યા. એ જ સાચા સુખનો માર્ગ છે એમ નિરધાર થયો.

ત્યાં તો પુત્રને ઉદાસીન થવાનું કારણ જાણવા ઉત્સુકતાથી માતા આવી પહોંચી. બાજુમાંથી બત્રીસે સ્ત્રીઓ આવી પહોંચી. શાલિભદ્રે પોતાનું મંથન અને નિશ્ચય રજુ કર્યાં.

'સુણજો માતા, સુણજો નાર
આખરનો નિરધાર.

સાર બધો સંસારનો જોયો
યૌવનકાળ મેં વ્યર્થ રે ખોયો!!
અજ્ઞાનની ઘોર રાત વીતી ગઇ, જાગ્યા ત્યાંથી સવાર.

આજ પિતાજીની યાદ રે આવે
સંયમ કેરો સાદ સુણાવે
મોહ–માયાની મ્હેલાતોનો થઇ ગયો ભંગાર!

માતા તમારે પાય હું લાગું
પ્રેમથી સૌની વિદાય હું માગું
સંયમ પંથે જનારાનો શોક ન હોય લગાર!'

☆

સાંભળતા થયો વીજ કડાકો
ધરતીકંપનો જાણે ધડાકો
શ્રાવણ–ભાદરવો વરસ્યો સૌની આંખે ચોધાર!
સુણતાં આ નિરધાર!

☆

કોઇ રડે, કોઇ કંપે, ધ્રુજે, વિહ્વળ થઇ પછડાય
બત્રીસે બત્રીસે નારીને અંગે લાગી લા'ય
કરગરતી–ડુસકાં ભરતી, કોઇ પકડે પતીનો પાય
પુત્ર મોહમાં ઘેલી બનેલી માત હવે પસ્તાય!

☆

દીક્ષા લેવાનો નિરધાર સાંભળીને સૌએ કારમો આઘાત અનુભવ્યો. માતાના તો જાણે બારે ય વ્હાણ ડૂબી ગયાં !

પણ ડૂબતો માણસ જેમ તરણું પકડવા પ્રયત્ન કરે તેમ માતાએ વિનંતિ કરવા માંડી.

'સાંભળ છેલ્લી વાત
માનું વેણ આ રાખજે વીરા,
રોકીશ ના ઝાઝી રાત.

પુત્રવધુઓ કોડ ભરેલી
કરમાઇ જશે જીવનવેલી
એકાએક તજીને જાતાં લાગશે રે આઘાત.

રોજ અકેકી તજવી નારી
બત્રીસ દી' નહી લાગશે ભારી
પુત્રની પાસે પાલવ પાથરી વિનવી રહી છે માત !'

☆

એકાએક ચાલ્યા જવાથી બત્રીસ સ્ત્રીઓને આઘાત ન લાગે માટે રોજ એકનો ત્યાગ કરવા સુચવે છે. અને એમ બત્રીસ દિવસ સુધી રોકાવાનું કહે છે.

ઊંડે ઊંડે એવી પણ ગણતરી હશે કે સ્મશાનવૈરાગ હશે તો પાછો ઠેકાણે આવી જશે. પણ...

વેણ માતનું રાખી રહ્યો છે શાલિભદ્ર સંસારે
કીંતુ મન તો દોડી રહ્યું છે મુક્તિની પગથારે.

☆

બત્રીસ દિવસ પછી શાલિભદ્રશેઠ દીક્ષા લેવાના છે એવી વાત ગામમાં વીજળી વેગે પ્રસરી ગઈ. લોક માનવા તૈયાર ન હતું. ગાનતાન થંભી ગયા. અત્તરના ફુવારાઓ શાંત થઈ ગયાં. સાદું ભોજન ને સાદાં વસ્ત્રો !

આશ્ચર્યની અવધિ થઈ ગઈ !

સવારનો સમય છે. શાલિભદ્રની બેન સુભદ્રાને આ સમાચારથી આઘાત લાગ્યો. એના પતિ ધન્ના શેઠને સ્નાન કરાવવાની તૈયારીઓ થઈ રહી છે. ધન્ના શેઠને સુભદ્રા સિવાય બીજી સાત પત્નીઓ છે.

તેલનું મર્દન કરતાં કરતાં પાછળ ઉભેલી સુભદ્રાના આંખમાંથી આંસુના ટીપાં ધન્નાના દેહ પર પડ્યા. ચમકીને પાછળ જોયું તો સુભદ્રા રડે. કારણ પૂછ્યું:

ધન્યકુમાર કરે છે સ્નાન

અંગે થાતાં તેલના મર્દન
સુભદ્રાની આંખમાં રૂદન
ઉન્હાં ઉન્હાં આંસુ પડતાં ધન્નાનું ખેંચાયું ધ્યાન!

ધીમે રહી ધન્નાજી પૂછે
રોતી રમાના આંસુ લૂછે
'સાચું કે'જે શીદ રડે તું, તને પ્રભુની આણ!'

'બાંધવ મારો સાંભરી આવ્યો
એને સંયમનો રંગ લાગ્યો

રોજ અકેકી નાર તજે ને
તજી દીધાં ગાન-તાન!'

સાંભળી ધન્યકુમાર હસે
હૈયે ના એની વાત વસે
'ધીમે ધીમે ત્યાગ કરે તારો ભાઇ ખરો નાદાન!!'

'બોલવું લાગે સૌને સ્હેલ
આચરવું છે અતિ મુશ્કેલ
શોભે નહિઓ સ્વામી તમને, રાખવું અભિમાન!'

સાંભળતાં ઉઠ્યો આતમ જાગી:
'આઠે આઠને આજથી ત્યાગી!'
મોહ ખંખેરીને ધન્નાજી ચાલ્યા, મૂકી અધુરૂં સ્નાન!

☆

પહેરેલા આ એક જ વસ્ત્રે નીકળ્યા ધન્યકુમાર
સાળાને દ્વારે આવીને કરી રહ્યા પડકાર!

'કટકે કટકે ત્યાગ કરે તે કાયર કહેવાય
બંધન તોડે એક ઝાટકે એ શુરવીર ગણાય!

ચાલ નીકળ જો સંયમ કેરી લગની હોયે સાચી
વ્યર્થ ગુમાવીશ મા ઓ ભદ્રે, એકે પળ તું કાચી!'

☆

શુર ચઢી ગયું શાલિભદ્રને ઝટપટ નીચે આવે
સાળો બનેવી હાથ જોડીને સૌને ખમે ખમાવે!

☆

તમામ રિદ્ધિસિદ્ધિ અને અપૂર્વ વૈભવનો ત્યાગ કરીને આનંદપૂર્વક દીક્ષા લેવા નીકળેલી આ સાળો-બનેવીની જોડીને સૌ સાનંદાશ્ચર્યથી નીરખી રહ્યાં. લોકોએ અભિનંદન આપ્યાં. પ્રશંસા કરી. અને પોતાની મેળે જ હજારો માણસો એમની સંયમયાત્રામાં ઉત્સાહપૂર્વક જોડાયાં. કોઇ ઢોલ તો કોઇએ શરણાઈ એમ જાત જાતના વાંજીંત્રાનો નાદ ગૂંજી રહ્યો.

કર્મ ઉદય જ્યાં આવે.
લાખ લાખ વજ્જરના બંધન પળમાં બધાં ફગાવે.
શાલિભદ્રને ધન્ના બેઠાં વીર પ્રભુને ચરણે
આતમનો આનંદ ભર્યો છે અરિહંતને શરણે.

મળે પ્રેરણા ત્યાગ જીવનની
જે કોઇ ભાવથી ગાવે
કર્મ ઉદય જ્યાં આવે.

☆

દિવાળીના દિવસોમાં વેપારીઓ એમને આ રીતે યાદ કરે છે.

દિવાળીના દિન આવે
રે ભાઇ, દિવાળીના દિન આવે.

દિવાળીમાં બોલ્યા વેપારીઓ રે ચોપડા નવાં બંધાવે
લાંબા પહોળા ગોઠવી ગોઠવી પૂજન કંઇક કરાવે
દિવાળીના દિન આવે.

પહેલે પાને 'લાભ સવાયા' લખી કંકુ ચોખા ચડાવે
'શાલિભદ્રની રિદ્ધિ હોજો' લેખ એવા લખાવે
દિવાળીના દિન આવે.

રિદ્ધિમાં એણે સુખ ન દીઠું
ને સાધુ થઇને સિધાવે
'સાચું સુખ છે ત્યાગમાં'
એમ શાલિભદ્ર સમજાવે!
દિવાળીના દિન આવે.

☆

# મહાશતક અને રેવતી

ભગવાન મહાવીરના દસ મુખ્ય ઉપાસકોમાં મહાશતકનું પણ નામ છે. ભગવાનનો પરમ ભક્ત. ધર્મનિષ્ઠ પણ એવો. મહાશ્રીમંતમાં એની ગણના. પણ મનનો કંઇક ચંચળ અને વૃત્તિમાં વિલાસી. તેથી તો એણે એકથી એક ચઢે એવી બાર બાર તો પત્નીઓ કરેલી!

એક દિવસ વસંતવિહારે નીકળ્યો છે. એક સુંદર ઉપવનમાં કેટલીક સુંદર યુવતીઓને રમતી ગાતી નિરાખે છે. એમાં મુખ્ય છે રેવતી. રૂપરૂપના અંબાર જેવી. કંઠમાં જાણે કોયલ!

રંગભવનમાં રુમઝુમ નાચે
રેવતી રસિયણ રંગભીની
કુંજ ગલીમાં જાણે કોયલ બોલે — રેવતી.

વિધવિધ ફુલડે વેણી ગુંથી જાઇ – જુઇ – ચમેલી
વનવગડે જાણે નર્તન કરતી વસંતડી અલબેલી
ઝીણા ઝીણા ઝાંઝર પગમાં રણકે – રેવતી.

આંબાની ડાળે હીંચતી ને એનો સાળુડો લહેરાય
અંજન આંજ્યા નેણલામાં કોના શમણાઓ ઉભરાય!
મંજુલ કંઠે ગીતડું ગુંજે – રેવતી.

☆

એક વૃક્ષને ઓથે ઊભીને મહાશતક આ રેવતીને નીરખી રહ્યો છે. એને જોતાં જાણે ધરાતો જ નથી. રેવતીની છબી એના હૈયામાં કોતરાઇ ગઇ. થોડીક ક્ષણોમાં આ યુવતીઓ ચાલી ગઇ. મહાશતક પણ પાછો વળ્યો પણ એને પેલી રેવતીનું ઘેલું લાગ્યું. એનું નામ ઠામ જાણી લીધું. એના ઘરમાં બેઠેલી બારબાર પત્નીઓ આ રેવતી પાસે જાણે ફીકી લાગે છે! રેવતીને પણ ઘરમાં લાવવાનો નિર્ણય કરે છે.

નામ એનું મહાશતક
કામદેવ અવતાર ધરીને ચાલે જાણે ચટક મટક!

બારબાર પત્નીનો સ્વામી
તો ય વાસના તૃપ્ત ન પામી
રેવતીને વરવાના કોડે મુખડું થાયે મલકમલક!
નામ એનું મહાશતક

☆

થોડા દિવસોમાં તો એ રેવતીનું માગું નાંખવા જાતે આવી પહોંચ્યો. 'મહાશતક જેવો વર મળે એ પોતાની દીકરીનું અહોભાગ્ય' એમ માનનારા માતપિતાએ તરત જ કબુલ કર્યું. રેવતી પણ આવા વરણાગિયા જુવાનને જોઇને મુગ્ધ બની ગઈ. વિવાહ નક્કી થઇ ગયો.

રેવતીને રૂદિયે વસી ગયો રે
ઓલ્યો વાલમ રંગરસીયો!

એની આંખોમાં આવીને ડસી ગયો રે — ઓલ્યો
વાંકડિયા વાળ, એના નયણાં વિશાળ
માથે લાલ લાલ છોગું ફરકે
જોઇને જુવાન, ભૂલી તન મન ભાન
એનું હૈયું ધબ ધબ ધબકે!
એના દિલડાને જાણે ડસી ગયો રે! — ઓલ્યો.

લગ્નની તૈયારીઓ ચાલી. રેવતીની સખીઓએ એની મશ્કરી કરી: 'અલી, તને ખબર છે કે તારે માથે બારબાર તો શોકયો છે!' રેવતી બોલી: 'બારની બાવીસ છો ને રહી! આપણામાં આવડત હોય તો બારેય પાણી ભરે છે!'

કોડ ભરેલી રેવતી સાસરવાસે આવી
સ્વામીને વશ કરી દીધો દુનિયા બધી ભૂલાવી!

☆

રેવતીએ આવીને એનું પોત પ્રકાશ્યું:
બારબાર શોક્યને માથે બેસીને પછી
રેવતીએ રંગ જમાવ્યો
નિત નવાં સાજ ને શણગારો સજી સજી
સ્વામીને સંગ નચાવ્યો.

ભક્ષ્ય — અભક્ષ્યનો ભેદ નહિ ને
માંસ ને મદીરા માગે

તીથિ તહેવાર કે નીતિ વહેવારની
ભીતિ જરી નહિ લાગે !
શાંતિ ને સ્નેહ ભર્યાં જીવતરમાં એણે
આવીને જંગ જમાવ્યો !

મહાશતક એનામાં મોહાંધ થઈ ગયો. તેમતેમ રેવતીએ એની જાત બતાવવા માંડી. મદીરા અને માંસની તો ખાસ શોખીન ! મહાશતક ચુસ્ત જૈન ! એ ગામમાં તો ચમારીનનો ઢંઢેરો એટલે ત્યાં તો પશુવધ થાય નહિ ને માંસ મળે નહિ. એણે એના પિયરથી મંગાવવાની વ્યવસ્થા કરી. મહાશતક એને શિખામણ આપવા પ્રયત્ન કરતો તેમ તેમ એ વધુ તોફાની બનતી.

પોતાનું એકચક્રી સામ્રાજ્ય જમાવવા માટે આવતાંની સાથે જ બધી શોકયો સાથે એણે સંઘર્ષ આદરી દીધો. પેલી તો બિચારીઓ એની આગળ ડઘાઇ જ ગઈ, ડરી ગઇ, ત્રાસી ગઇ. કંઇકે તો અપઘાત કર્યાં અને સામે થનારી કેટલીક-ને તો રેવતીએ જ માંરી નંખાવી !

રેવતીએ કીધો કાળો કેર !
સંપ ને જંપની જ્યોતિ બુઝાવી આણી દીધું અંધેર !

શોકયોની સાથે લડતી ઝઘડતી
વા'લાંથી કરી દીધાં વેર
એનાથી ત્રાસીને આપઘાત કીધાં
તો કોઇને દઇ દીધાં ઝેર !
રેવતીએ કીધો કાળો કેર !

મઝા માણવા લઇ આવેલ રેવતીએ એને બરાબર સજા કરવા માંડી! મહાશતક મુંઝાઇ ગયો. ત્રાહ્ય ત્રાહ્ય પોકરી ગયો!

મહાશતકના મનમંદિરમાં લાગી ભયાનક આગ
શત શત ડંખે ડસી રહ્યો દિલડાને કાળો નાગ!

સળગી ઉઠ્યા અંગ અંગ ને
રંગરાગ પર રાખ વળી
પૂનમના અજવાળા ઉપર
જાણે અમાસની રાત ઢળી!
ઉજ્વળ કીર્તિ ઉપર પડિયો કાજળ કેરો ડાઘ.

શમી ગયાં સૌ સુખનાં શમણા
દૂર થઇ ગઇ મનની ભ્રમણા
ગાતાં બૂલ બૂલ ઊડી ગયાં ને ઉજડ્યો જીવન–બાગ!

☆

બળબળતી ધરતી પર વરસે જેમ અચાનક પાણી
રાજગૃહીમાં એમ જ વરસી પ્રભુ વીરની વાણી.

☆

વિચરતા વિચરતા ભગવાન મહાવીર રાજગૃહીમાં પધાર્યા. રેવતીના ત્રાસે બળી રહેલા મહાશતકનાં હૈયામાં કંઇ ટાઢક થઇ. એ ભગવાનની પાસે પોતાના મનની શાંતિ માટે પહોંચી ગયો. પ્રભુને ચરણે પડી આંખમાં આંસુ સાથે એણે તમામ આપવીતી જણાવી:

પ્રભુને ચરણે પડી, રહ્યો છે રડી
જીવ દુઃખિયારો
હે દીનોના નાથ, થયો છું અનાથ
મને ઉગારો.

બળતાં દિલની વ્યથા ભરેલી કથા પ્રભુને સુણાવી
દીધી પ્રભુએ શીખ શતકને ઉરે કરુણા લાવી
પ્રભુની પેમળ વાણી, શીતળ સરવાણી
મળ્યો છે સહારો.

પ્રભુએ એના મોહાંધપણા માટે કટાક્ષ કર્યો. 'સાચું સૌન્દર્ય તો આત્માનું હોય – દેહનું નહિ. પ્રેમથી પાપીને પણ પલટાવી શકાય છે.' ભગવાનને પોતાના ભક્ત માટે કરુણા ઉપજી. થોડા વ્રત – નિયમો બતાવ્યાં અને વધારે સમય ધર્મક્રિયાઓમાં ગાળવાની સલાહ આપી. પ્રભુના આટલા સાનિધ્ય અને શીખથી મહાશતકને કંઇક શાતા વળી.

હવે એ રેવતીથી અલિપ્ત રહેવા માંડ્યો. એની માયા ઓછી કરવા માંડી. પૌષધશાળામાં વિશેષ રહીને ધર્મધ્યાનમાં જીવ પરોવવા લાગ્યો.

પણ આનું પરિણામો તો ઉલ્ટું ભયંકર આવ્યું! શરૂશરૂમાં રેવતી સમજી કે પેલા જોગીની વાતથી સ્મશાનવૈરાગ્ય જેવું થયું હશે. થોડા દિવસમાં પાછો મારી પાસે આવ્યા વિના નહિ રહે. પણ એની આશા ઠગારી નીવડી. તેથી તો વધુ ઝનૂની બની – આક્રમક બની!

રેવતી કંટાળી !
રંગરાગને બદલે એ તો વિરાગ રહી છે ભાળી !
જાણે કોઇ છંછેડાયેલી ઉછળી નાગણ કાળી !

'કાયર થઇને અલ્યા ભગતડા
શીદને મુજથી ભાગે ?
ઘણી મા'ણવી મોજ હજુ તો
શીદને મુજને ત્યાગે !'
ખીલી રહેલી કોમળ કળીને કેમ રહ્યો છે બાળી ?
રેવતી કંટાળી !

☆

ગુસ્સો કરતી રેવતી તોય શતક ગંભીર
શાંતિ ને સમતા ધરે રહે ધર્મમાં સ્થિર
પ્રેમ થકી સમજાવતો હૈયે રાખી ધીર
પત્થર જેવી રેવતી પીગળી નહિ લગીર !

☆

એક દિવસ પૌષધશાળામાં બેસી શતક ધરે છે ધ્યાન
મદિરા પીને, મસ્ત બનીને રેવતીએ માંડ્યું તોફાન
વિખરાયેલા વાળે આવી નથી રહ્યું કપડાનું ભાન
ગાળો ભાંડી રહી પતિને મચી રહ્યું મોટું ઘમસાણ !

☆

રેવતી કેરો જેવા ફજેતો ભેગાં થયાં નરનાર
કોઇ પતિને તો કોઇ પત્નીને આપી રહ્યાં ફીટકાર !

ચેનચાળા કરી રેવતી બોલે
દારૂના ઘેને કાયા ડોલે
ઢોંગ કરીને બેઠો ધુતારો જાતને છે ધિક્કાર
સ્વર્ગની સુંદરીઓના તું તો કરી રહ્યો વિચાર!

વાહરે તારો ધર્મ અને વાહરે તારો ગુરુ
માતમા થઈને બેસી ગયો તું, હું તો રાતદી' ઝૂરું!
પાગલ જેવી રેવતીએ કીધાં કંઈક પ્રહાર!

☆

રસ્તા વચ્ચે રેવતીએ તોફાન માંડ્યું. પોષધશાળામાં બેઠેલા પતિને એ ભાંડવા લાગી. લોકને તમાશો મળ્યો. પોતાને મળતી ગાળો સુધી તો મહાશતક ધીરજ રાખી રહ્યો. પણ એ જ્યારે પોતાના ગુરુ–ભગવાન મહાવીરને પણ સંભળાવવા લાગી ત્યારે એની ધીરજ ખૂટી ગઈ. એને ગુસ્સો આવી ગયો. ક્રોધમાં ને ક્રોધમાં એનાથી આઘાતજનક વચનો બોલાઈ ગયાં!

મહાશતકની ધીરજ ખૂટી ગઈ.
અંકુશમાં રાખેલા મનની લગામ છૂટી ગઈ.
પોતાને કોઈ કહે ગમે તે એની જરી ન ચિંતા
કીંતુ કેમ જ સહી શકે એ દેવ–ગુરુની નિંદા?
શાંતિ ને સમતાની સમાધી પળમાં તૂટી ગઈ!

☆

'સુણ એ રેવતી !
કોક દિવસ તું સુધરશે એવી મને આશ હતી
કીંતુ તું તો રોજ રોજ નીચે ને નીચે જતી.

લાજ શરમ મર્યાદા છોડી
ભ્રષ્ટ થઇ તારી મતિ
આજથી સાતમી રાતે તારી
થાશે મોતની ગતી !!

☆

કહે છે કે મહાશતકને ભાવિના લેખ ભાખી શકે એવી શક્તિ પ્રાપ્ત થઇ હતી. તે મૂજબ ગુસ્સામાં ને ગુસ્સામાં એ રેવતીને સંભળાવી બેઠો :

'રેવતી, મને આશા હતી કે કોક દિવસ તું સુધરશે. પણ તેને બદલે તું તો પતનની ઊંડી ખીણમાં ગબડી રહી છો. હું જોઇ રહ્યો છું કે સાત દિવસમાં તારું મોત છે! મરીને તું ઘોર નરકમાં જઇશ !'

મહાશતકથી બોલાઇ ગયું !

બસ ! આટલા શબ્દોથી તો રેવતીનો બધો નશો ઉતરી ગયો. સીધી થઇ ગઇ ! આંખમાંથી શ્રાવણ–ભાદરવો વરસવા લાગ્યાં ! 'મારું મોત ! સાત દિવસમાં હું મરી જઇશ ! ઘોર નરકમાં ...... ધ્રુસકે ધ્રુસકે રડતી રડતી રેવતી ઘેર

દોડી આવી! ઘેર આવીને પાગલ જેવી થઇ ગઇ. પળે પળે યમદૂતના ભણકારા વાગવા લાગ્યા:

વાગે મોતના ભણકારા
રંગરાગ ને માંસ મદિરા લાગે સર્વ અકારા
ભૂખ મરી ગઇ, ઉંઘ ઊડી ગઇ
વધી રહ્યાં ધબકારા

પળે પળે અંતરમાં ઉંડે યમદૂતના પડકારા!
વાગે મોતના ભણકારા!

☆

ભૂખી તરસી રેવતી પડી ગઇ બીમાર
મરી ગઇ દિન સાતમે થઇ ગયો હાહાકાર!

☆

અને ખરેખર આઘાતમાં ને આઘાતમાં આ રેવતી સાતમે દિવસે મરી ગઇ! લોકોમાં હાહાકાર મચી રહ્યો. જાત જાતની વાતો થવા માંડી. કંઇક સ્ત્રીઓએ મહાશતકની ભૂલ કાઢી. તો કંઇક પુરૂષોએ રેવતીનો વાંક કાઢ્યો 'આ તો સારું થયું કે એ એના મોતે મરી. બાકી બીજો કોઇ હોત તો ક્યારની એ એને વાઢી નાંખી હોત!'

થોડા દિવસો સુધી મહાશતકની જ વાતો ચાલવા લાગી. વળી પાછા ભગવાન મહાવીર ત્યાં આવી ચઢે છે. દુઃખનો માર્યો મહાશતક ભગવાનની પાસે જઇ શકતો નથી. ભગવાનને આ બધા સમાચાર મળે છે.

કરુણાસાગર ભગવાન પોતાના પટ્ટશિષ્ય ગૌતમને બોલાવે છે અને આદેશ આપે છે: 'તમે મહાશતકની પાસે જાવ. એને કહો કે તેં જ તારી પત્નીને આઘાતજનક શબ્દો કહીને મારી નાંખી છે. શ્રાવકથી – સત્ય હોય તો પણ – આ રીતે કહેવાય નહિ. તારે પ્રાયાંશ્ચત કરવું જોઇએ!'

જ્ઞાની ગૌતમસ્વામી મહાશતક પાસે આવ્યા:

મહાશતકની પાસે મોકલ્યા ગૌતમને ભગવાને
રેવતીના અવસાન નિમિત્તે પ્રાયશ્ચિત દેવાને
'આઘાત લગાડે તેવાં વચનો
શ્રાવકથી કહેવાય નહિ
સાચું હોય ભલે ને તો પણ
એવું કંઇ બોલાય નહિ.

તેં જ કરી છે હત્યા એની સાચી વાત કહીને
ભૂલ સુધારી લેજે તારી પશ્ચાતાપ કરીને!'

☆

માથે ચઢાવી પ્રભુની આજ્ઞા શતક વિનય ધરીને
પ્રાયશ્ચિત સ્વીકાર્યું એણે વૃર્તજ નમ્ર બનીને
જીવન શેષ વીતાવ્યું એણે પ્રભુમાં લીન થઇને
દેવલોકમાં જઇને બેઠો આ સંસાર તજીને!

☆

# નર્મદાસુંદરી

સતી તરીકે સ્થાન પામેલી એક વીર નારીની આ કથા છે.

ઘણાં વરસોથી વ્યાપાર ખેડવા ગયેલો નર્મદાનો પતિ મહેશ્વર દત્ત આજે ઘેર પાછો ફરી રહ્યો છે. નર્મદાનો હર્ષ હૈયામાં સમાતો નથી. એના અંગે અંગમાં પતિ–મિલનનો રંગ લાવી રહ્યો છે. એને આંગણે જાણે ઉત્સવ મંડાયો છે. એની પ્રિય સખીઓ પણ આ ઉત્સવમાં ભાગ લેવા આવી રહી છે.

સંગીત–નૃત્યથી આંગણું ગાજી રહ્યું છે. ત્યાં વનવનમાં કુંજોમાં ઝુલતી કોયલ પણ પંચમ સ્વરે ગાઇ રહી છે:

વનવનની કુંજોમાં કોયલડી બોલી
કોઇ નવેલીનો આવે રે નાવલિયો
પિયુ પિયુ ઝંખતી કોઇ પંખીણિનો
આજ પરદેશથી આવે રે પાતળિયો.

કેટ કેટલી રાતો નિંદ વિના વહી ગઇ
આશાની વાદળિયો આવી ને સરી ગઇ

રાતદિન યાદમાં ઝૂરતી ચકોરીનો
દૂર દૂર દેશથી આવે રે ચાંદલિયો!

આજ એના નયણામાં શમણાંઓ નાચતાં
મિલનના ભાવ એના ઉરના ઉછાળતી

ગંધભીના વાયરા સંદેશા લાવ્યા
કોઇ સુંદરીનો આવે રે સાંવરિયો

પળે પળ પતિના આવવાના ભણકારા વાગી રહ્યાં છે. વળીવળીને નર્મદાની દૃષ્ટિ દ્વારપર જાય છે. એણે ઝટપટ શણગાર સજવા માંડ્યા છે. સખીઓ એને શણગારતી જાય અને મીઠી મશ્કરી કરતી જાય !

સજી સોળ શણગારે રે
સતી સુલક્ષણી નાર રે
રૂપરૂપના અંબાર સરિખી ઊભી ગોખને દ્વાર.

નેહ નીતરતી નાર રે
છે સુખમય સંસાર રે
કોયલનો ટહૂકાર કરતી ઊભી ગોખને દ્વાર.

ચંદ્ર સરિખું વદન મનોહર
લાલ ગુલાબી રંગ અધરપર
ધીમું ધીમું ગાતી ગાન
મુખમાં ચાવે તંબુલ પાન
અંતરમાં પ્રિતમનું ધ્યાન
ભૂલી રહી છે જગનું ભાન !
આછો આછો ઘુંઘટ ખોલી
દર્પણમાં નિજ રૂપને જોતી

પળપળ પતિનું નામ સ્મરંતી સતી નર્મદા નારી
મલકંતા મુખમાંથી કરતી તાંબુલની પિચકારી
રૂપ જોવામાં રહી ગુલતાન
રસ્તાપરનું ભૂલી ભાન !

ગોખ નીચેથી ચાલ્યાં જાતાં એક મુનિ અણગાર
ખુલ્લા શીર પર વરસી ત્યાં તો તાંબુલની રસધાર
રોષ છલકતે મુખડે મુનિએ ઊંચે દૃષ્ટિ કીધી
'વ્હાલાનો વિજોગ થજો રે જેણે ચેષ્ટા કીધી!!'

પતિ મિલનના આવેગમાં વિવેક ચૂકાઈ ગયો. રસ્તે ચાલ્યા જતા એક મુનિના મસ્તક પર એના મોઢાની પિચકારી પડી. મુનિએ રોષના આવેશમાં શાપ આપ્યો!

નર્મદા તરત જ રસ્તા વચ્ચે જ આંસુ સાથે મુનિને પગે પડી. ક્ષમા યાચી:

'મુનિરાજ કરી દ્યો માફ
હવે પાછો લઇ લ્યો શાપ
ભૂલ થઇ ગઇ મોટી મારી કરું છું પશ્ચાતાપ
મોટું મન રાખીને મુનિવર ક્ષમા કરો મુજ પાપ.'

☆

શાંત થઇને વદ્યા મુનિવર 'હવે નથી કોઇ ઉપાય
ભાવિભાવ હશે નિર્માયું તે નવ મિથ્યા થાય.'

☆

કર્મની સત્તા અતિ બળવાન
નિર્ધન હો કે હો ધનવાન.
હરિશ્ચંદ્ર સતવાદી રાયે ભર્યું નીચ ઘેર પાણી
અર્ધે વસ્ત્રે વનવન ભટક્યાં નળ-દમયંતી રાણી
રામચંદ્રને સતી સીતાને કર્મે તાપ તપાવ્યા
નિશદિન ધરવું ધર્મનું ધ્યાન.

☆

પતિ–મિલનના મહાઆનંદના પૂરમાં પેલા મુનિએ આપેલા શાપની કરુણ ઘટના તો ક્યાં યે તણાઇ ગઇ. દિવસો ઝડપથી પસાર થઇ રહ્યાં અને ઋતુઓની ફેરફુદડી ફરવા લાગી.

થોડો સમય ઘેર રહીને પાછી મહેશ્વર વેપાર માટે પરદેશ જવાની તૈયારી કરી રહ્યો છે. વહાણો માલથી સજ્જ થવા લાગ્યા છે. આ વખતે નર્મદાએ પતિની સાથે જવાની હઠ લીધી. પતિએ પ્રવાસની અનેક મુશ્કેલીઓ વર્ણવી પણ નર્મદા ન માની. એને સાથે લીધે જ છુટકો થયો. બંને દરિયા કાંઠે આવી ઉભા છે.

ત્યાં નાવ હાંકનારા નાવિકોને–ખારવાઓને એમની સ્ત્રીઓ વિદાય દઇ રહી છે. દરિયાની સફરેથી કોણ જાણે ક્યારે પાછા અવાય? હૈયામાં વિજોગનું દુઃખ ભર્યું છે છતાં મુખપર તો આનંદ પ્રગટાવ્યો છે.

ગીત હેલે ચઢે છે ...

વ્હેલો વ્હેલો આવજે ઘેર અસ્યા વાલમા!
દરિયો ખેડીને વ્હેલો આવજે.
જો જે ન અમને વિસારજે ઓ વાલમા!

ઓ દરિયાલાલ, તું જાણે મહાકાળ
તારું દિલડું વિશાળ તું સૌને રાખણહાર.

સાગર રાણા, દિલમાં સમાણા
ગાઉં તારા ગાણા જગના પાલનહાર.

ધીમે ધીમે હોડી હંકારજે ઓ વાલમાં!

મારી નણદીનો વીરો, હૈયાનો હીરો
થાયે અધીરો, જાયે છોડી સથવાર!

તારી મતવાલી ચાલ, માથે છોગું લાલ લાલ
તારી આંખમાં ગુલાલ તું મારા હૈયાનો હાર.
ચૂડી ને ચૂંદડી લાવજે ઓ વાલમા!

વ્હેલા વ્હેલા આવશું, ચૂંદડી લાવશું
ચૂડીઓ મઢાવશું ઓ મારી પાતળી નાર!

☆

હૈયામાં વિજોગનો ભાર સંઘરીને ખારવણો ઘેર ગઈ. નર્મદાને એનો પતિ વહાણમાં ગોઠવાયા. મંદમંદ વાયુની લહેરોમાં નાવ આગળ વધી. ત્યાં થોડેક દૂર જાતી એક બીજી નાવડીમાંથી કોઈનો મધુર સ્વર સંભળાય છે.

ચલ ચલ રે મુસાફિર,
તું તો થઈ જા તૈયાર, તારી હોડીને હંકાર.
દૂર દૂર જાવું તારે સાગર પાર,
ભલે નથી કો' સથવાર, આવે પ્રભુનો પોકાર.

પથમાં આંધી તોફાન છો આવે
વાદળ છો ને અગન વરસાવે.
હૈડે હિંમત ધાર, માથે તારણહાર.

☆

કેવળ સ્વરને સાંભળી સુંદરી પતિને કહેતી
જોયા વિણ ગાનારનું અદ્ભુત વર્ણન કરતી!

☆

નાક, હાથ, મુખ રૂપ ને અણિયાળી છે આંખ
આબેહૂબ કહી દીધાં ગાયક અંગ–ઉપાંગ!

☆

પતિને આવી શંકા!
શંકામાં સંભળાતાં એને દૂષણતાના ડંકા.
સંગ કર્યા વિણ કહી શકે ના પર પુરુષના અંગ
સતી નથી આ કુલટા નારી નિશ્ચય કુળ–કલંક!
ભીષણ ભડકે બળતી એના અંતરની લંકા!

☆

દૂર દૂરથી માત્ર સ્વર સાંભળીને નર્મદાએ એ ગાયકનું આબેહૂબ વર્ણન કર્યું. નર્મદાને કુદરતનું આ વરદાન મળ્યું છે. એનો પતિ એની આ શક્તિથી અજાણ હતો. આવું વર્ણન તો ગાઢ પરિચય વિના સંભવીજ કેમ શકે?!

બસ, એનું અંતર સમસમી ગયું. આ સતી નથી જ!

પણ એણે ક્રોધને પ્રગટ કર્યો નહિ. કળથી કામ લેવાનો નિર્ણય કર્યો.

વહાણ આગળ ચાલ્યાં. વચમાં એક નિર્જન અને ભયાનક પશુ પક્ષીઓથી સભર એવો દ્વીપ આવ્યો. નર્મદાનું કાસળ કાઢવાની એને યુક્તિ મળી ગઈ. આરામ અને પ્રકૃતિનું સૌન્દર્ય નિહાળવાને બહાને તે નર્મદાને આ દ્વીપમાં લઈ આવ્યો.

જો ને પ્રિય સખી સુંદર અનુપમ
રૂપ નીતરતી ધરતી
રંગબેરંગી ફૂલડાં કેરા પાલવ પાથરતી.

શોર કરીને મોર મનોહર ઢેલ સંગમાં નાચે
મદમાતી કોયલડી ગાતી કુંજ કુંજમાં રાચે
થનગન કરતી વસંત વનમાં – ઉરમાં આનંદ ભરતી.

☆

નિર્મળ સરોવર નીરમાં દંપતિએ કર્યું સ્નાન
નિંદર કાજે સૂઇ ગયાં જોઇ શીતળ સ્થાન.

☆

નિદ્રા ખોળે સૂતી અભાગી!
શંકાની સગડી અંતરમાં ભડભડ બળવા લાગી
ઘડીએ ઘડીએ પત્નીમુખને જોતો જાગી જાગી!
ગાઢ નિંદરે પોઢેલીને પળમાં દીધી ત્યાગી
વનવગડે હરણીને છોડી ગયો સત્વરે ભાગી!

☆

નિંદ ઉડી ગઇ નયણાં ઉઘડ્યાં શોધે સ્વામીનાથ
પડખું ખાલી, પતિ મળે ના થઇ ગઇ હાય અનાથ!
પડી હૃદયમાં ફાળ
કેવો ક્રૂર થયો રે કાળ!
પતિ વિજોગે બની બાવરી થઇ ગઇ બેહાલ!

☆

મધદરિયે છોડી મારી હોડી સ્વામીનાથ
શીદ તરછોડી?

એવો તે કિયો દોષ દીઠો કે રોષ કરીને સિધાવ્યા!
શા પાપે રણમાં રઝળાવી? કે કોઈએ ભરમાવ્યા?
તોડી પ્રીતડી, છોડી અકેલી, શીદ ગયો મુખ મોડી?

☆

દુઃખના ભીષણ ઝંઝાવાતની ક્ષણોમાં એને મુનીએ આપેલા શાપનું સ્મરણ થઈ આવ્યું. કર્મની સત્તા અતિ બળવાન! આ ભવના કે પરભવના કરેલાં કર્મો ભોગવ્યા સિવાય કોનો છુટકો થયો છે? તો પછી આ આક્રંદ, રૂદન કે ફરિયાદનો અર્થ શો?

આમ નર્મદાએ સંતાપમાંથી સમાધાન મેળવી લીધું. પાલવ વડે આંસુ લૂછી નાખ્યાં. અંતરમાં શ્રદ્ધાનું સ્થાપન કરીને એણે ગાયું.

કરી લે કસોટી, કરી લે કસોટી
કોટિ કોટિ વાર મારી કરી લે કસોટી.
ચાહે ભડભડતી ભીષણ ભઠ્ઠીમાં નાખજે
ચાહે દરિયાના ઊંડા જળમાં ડૂબાડજે
જોઈ લે તું વિપદ કેરા વાયરા વિંઝોટી!
આવી બેઠી છું હું તો હવે તારે ચરણે
ચાહે તો લેજે મુજને પ્રભુ તારે શરણે
નથી ફરિયાદ કરવી હવે નાની–મોટી!

આમ કર્મની બળવાન સત્તા સામે ઝઝુમવા માટે સતીએ ધર્મનું ધોરી શરણ સ્વીકાર્યું. નિર્જન જંગલના અનેક ભીષણ ઉપસર્ગો હિંમતપૂર્વક સહન કરતી રહી. કાળે એની બરોબર એની કસોટી કરવા માંડી. સાત સાત દિવસના ઓછાયા આથમી ગયા ને એક દિવસે સવારે દરિયાકાંઠેથી કોઇના વહાણો આવ્યાનો અવાજ સાંભળ્યો અને આશા ભર્યે હૈયે એ કાંઠે દોડી ગઇ. સદભાગ્યે એના કાકા વીરદાસ જ વહાણોમાં માલ ભરીને આગળ જતા હતા. દૂરથી બંનેએ એકબીજાને ઓળખ્યાં. નર્મદાએ વીતેલી વાત કહી સંભળાવી. કાકાની સાથે નર્મદા ગઇ. વહાણ આગળ વધ્યાં. કેટલેક દિવસે એક ગામમાં ઉતર્યાં. ત્યાં રિવાજ મુજબ રાજાને પરદેશથી આવતાં વેપારીઓએ નજરાણું ધરવું જોઇએ.

વિલાસી રાજા ગણિકાનું નૃત્ય જોવામાં ગુલતાન છે ત્યાં આ કાકા – ભત્રીજી નજરાણું લઇને દાખલ થાય છે.

ચકોર ગણિકા નર્મદાના રૂપને ધારી ધારીને જુએ છે. એક સરસ શિકાર આવ્યાનો હર્ષ થાય છે! રાજાને રમવાનું નવું રમકડું મળશે ધારીને એની જાળ બિછાવે છે.

એનું રૂપ બન્યું દુશ્મન!<br>
આંખડિયે આવીને વસતું રસ ઝરતું જોબન<br>
ચકોર દૃષ્ટિથી ગણિકાએ પરખી લીધું રતન<br>
કામ આવશે સુંદર કાયા મેળવવાને ધન!

☆

ગણિકાએ શિકારને સાધવાને બાણ છોડ્યું. પ્રપંચભરી યુક્તિથી નર્મદાને પોતાને દ્વારે લઇ આવવા માટે ક્યારનીયે દાસીને મોકલી છે. એની રાહમાંજ એ બેઠી છે.

નર્મદા–ભલી ભોળી નિખાલસ હરિણી શિકારને હાથ પહોંચે છે. ગણિકા એની કેવી પ્રશંસા કરે છે?

ચંદામાંથી ચોરી કરીને ઘડી તને ઘડનારે
રૂપે મઢીને દીધી ઉતારી આ અવનિને આરે.

અંગે અંગે અનંગ ભર્યો ને ફૂલ સમી તારી કાયા
મેઘધનુષના મોહક રંગો આંખડિયે ઉભરાયા,
સ્વર્ગના સુખો સાંપડશે તારી આંખના એક ઇશારે!

તારી એક ભ્રૂકુટિ બાણે રાજાધિરાજ વિંધાશે
એક જ પળમાં અંતઃપુરની તું પટરાણી થાશે
દુનિયા સારી ડોલશે તારા ઝાંઝરના ઝણકારે!

☆

ગણિકાના આવાં હલકાં વેણ નર્મદાને કાળજે વાગ્યાં. એનું શીલ–સત્વ પોકાર કરી રહ્યું.

અંગ અંગ પ્રગટી રહી જ્વાળા!
ગુણવંતી આ ગૃહિણી ઉછળી વેણ સુણી મર્માળા!
પ્રાણ હશે ત્યાં લગી પતિવ્રત ચૂકીશ નહિ લગીરે
શીયળ ધર્મની મર્યાદાને મૂકીશ નહિં લગીરે
કદી કરીશ નહિ કૃત્યો કાળાં!

☆

નર્મદાના નસીબમાં હજુ તો કોણ જાણે કેટલાયે પ્રહારો ઝીલવાના બાકી હશે. સામાન્ય માણસની મતિ મૂઢ બની જાય અને જીવવું અસહ્ય થઇ પડે એવી પરિસ્થિતિમાં એ ટક્કર ઝીલી રહી છે. ગણિકાના મારથી તો હજી શરીર સમસમી રહ્યું છે ત્યાં તો રાજાનું નિમંત્રણ આવી પહોંચ્યું!

રાજાના તેડા આવ્યા રે, ભેટ સોગાદો લાવ્યા રે
ઊઘડ્યા રે ઊઘડ્યા આજે કિસ્મત કેરા દ્વાર!
લેજે પ્રીત પિછાણી રે થઇ જાશે પટરાણી રે!

ભાગ્યોદયથી મળી રહી છે રાજમહેલની રિદ્ધિ
વણમાગી આવી છે આંગણે સ્વર્ગસુખની સિદ્ધિ
સોનામાં સુગંધ લાવી રે, નવો રંગ લઇ આવી.

☆

મૂર્ખ અને વિલાસી રાજા પાસે ચાલાકીથી કામ લેવાનું એણે વિચાર્યું. એ જવા તૈયાર થઇ. પણ અધવચ્ચે જ રસ્તામાં એણે નાટક શરૂ કર્યો. સન્નિપાત ઉપડ્યો હોય એમ એ એકાએક પાગલ બની ગઇ! ગાંડી બનીને ગામલોકોને પણ ભેગા કર્યા. ડરના માર્યા રાજાના માણસો એને લીધા વિના જ પાછા ફર્યા!

ગામમાં આવી ગાંડી રે ભાઇ,
એણે લાજ ને શરમ છાંડી,
એ તો સહુને રહી છે ભાંડી!
પળપળમાં ખડખડ હસતી પળમાં ધ્રુસકે રોતી
ઝીણું ઝીણું જોતી જાણે કોકને રહી છે ગોતી
લુગડાં રહી છે ફાડી રે ભાઇ.

પળમાં રુમઝૂમ રુમઝૂમ નાચે પળમાં તાણે રાગડા
પળમાં જાણે કોયલ બોલે પળમાં બોલે કાગડા!
ગુસ્સો એનો ખાંડી રે ભાઇ,
ગામમાં આવી ગાંડી!

☆

નર્મદાસુંદરીને સાથે લઇ આવેલા કાકા વીરદાસે એકાએક પોતાની ભત્રીજી ગુમ થયેલી ભાળી. એણે ઘણી શોધાશોધ કરી પણ અજાણ્યા ગામમાં એકદમ પત્તો કેમ લાગે ? એને તો તરત જ પાછું ફરવું હતું. તેથી પાસેના ગામેથી એના મિત્રને નર્મદાની શોધ માટે મોકલ્યો. એણે આ પાગલ બાઇને જોઇને ઓળખી કાઢી. નર્મદાને વિશ્વાસ આવતાં એની સાથે ઘેર જવાને નીકળી.

દુઃખની ભીષણ ભઠ્ઠીમાં તપી તપીને એનો આત્મા અત્યંત વિશુદ્ધ બન્યો હતો. જે ધર્મ શ્રદ્ધાએ એને ધૈર્ય આપીને જીવંત રાખી એ જ શ્રદ્ધાએ એને સંસારની અસારતા સમજાવી દીધી. ઘેર પહોંચતા જ એણે દીક્ષા લેવાનો અભિગ્રહ ધારણ કરી લીધો.

એના માતપિતાને એના આગમનનો સંદેશો મળી ગયો હતો. તેથી એ બિચારા તો પોતાની દુઃખિયારી દીકરીને જોવા માટે તલસાટ પૂર્વક રાહ જોઇ રહ્યાં છે.

એના પતિએ તો એને અકસ્માતમાં મૃત્યુ પામેલી જાહેર કરી દીધી હતી. એણે જ્યારે જીવતી પાછી આવી રહી છે એમ જાણ્યું ત્યારે પશ્ચાતાપનો માર્યો શરમ અનુભવતો ધીમે ધીમે પગલે આવી પહોંચ્યો !

માતપિતા નિજ પુત્રીની જોઇ રહ્યાં છે વાટ
વિલંબ થાતાં માર્ગમાં ઉરમાં થાય ઉચાટ
ત્યાંતો આવી ઉભી આંગણે હરખાયાં નરનાર
દુઃખની કથની સુણતાં આવે આંખે અશ્રુધાર.
ત્યાં શરમથી સંકોચતો ધીમાં ડગલા માંડે
નર્મદાનો પતિ આવીને ઊભો રહ્યો છે વાડે !

☆

પતિ અને સતી વચ્ચે આ પ્રમાણે વાત થઇ.

પતિ : ચાલો આપણે ઘેર, મૂકી વેર ને ઝેર
માફ કરી દ્યો મને હવે હે સતી!

સતી : નહિ આવું તમ ઘેર, મનમાં નથી વેર ઝેર
નહિ રે માંડુ સંસાર હે પતિ!

પ : મેં તો ઘણાં કીધાં પાપ, હવે થાય પશ્ચાતાપ
તે વેળાએ તો મુંઝાઇ'તી મતિ.

સ : નથી તમારો કંઇ દોષ, મને નથી કાંઇ રોષ
કોણ જાણી શકે કાળની ગતિ?

પ : તમને દીધાં ઘણાં દુઃખ, હવે આપીશ સુખ
ભૂલી જાઓ રે ભૂતકાળ હે સતી!

સ : જોઇ લીધાં મેં સંસાર, જાણ્યો ન કાંઇ સાર
છોડીને જંજાળ દીક્ષા લઉં હે પતિ!

પ : નહિ આવો જો ઘેર, જીવતર થાશે આ ઝેર
હું પણ આવું તમ સંગ હે સતી!

સ : સાચો ભવનો સથવાર, ઉજળો થાશે અવતાર
ચાલો દીક્ષા લઇએ સાથે દંપતિ!

☆

આમ દુઃખના પ્રહારો સહેતી સહેતી નર્મદાસુંદરી શાશ્વત સુખના પંથે પરવરી. એટલું જ નહિ પણ એના નિર્માલ્ય પતિને પણ એણે ઉગારી લીધો!

અરિહંતને પંથ સતી આજ સંચરે
એના મારગમાં દેવતા દીવડા ધરે
એના મુખમાંથી આજ મોંઘા ફૂલડાં ખરે.

સુખદુઃખ સંસારના ભોગવી લીધાં
જીવતરના ઝેર એણે જોગવી લીધાં
અંતરના અમી એની આંખથી ઝરે.

પૂરી થઇ ગઇ અગ્નિ–પરીક્ષા
નવલા જીવનની લીધી છે દીક્ષા
મુક્તિના પંથમાં પગલાં ભરે
એના મારગમાં દેવતા દીવડા ધરે!

☆

# અરણિક મુનિ

એક જનેતાના હૃદયમાં અવિરત ગુંજન કરતું સ્નેહનું સંગીત અહીં સંભળાય છે. માતાના અંતરમાં વહેતી ગંગોત્રીનું પાવન ઝરણું જાણે સુમધુર સ્વરાવલિઓ છેડે છે.

માતા, પિતા અને એમનો એકનો એક સાત–આઠ વર્ષનો પુત્ર. આટલો જ પરિવાર. આ નાનકડા પરિવારમાં એક દિવસ પરિવર્તન આવ્યું. સંસ્કારી માતપિતાના સરળ હૈયાને કોઇ સંતની વાણી સ્પર્શી ગઇ. સંસારની અસારતા સમજાઇ. સર્વસ્વનો ત્યાગ કરીને આત્માના સાચા સુખની શોધમાં નીકળી પડવાનું મન થઇ આવ્યું. પણ એક વાત ખટકે. વિચાર આવે કે આપણે તો સાધુ બની જઇશું પણ આ નાનકડા ફૂલ જેવા કુમળા બાળકનું શું? એનું કોણ? એને કોણ ઉછેરે? અને કોઇના ભરોસે છોડી દીધેલું આ ફૂલ ખીલશે કે કરમાઇ જશે એની શી ખબર? આ ચિંતા આપણા સાધુ જીવનને પણ શાંતિ ક્યાંથી આપશે?

પિતાને ઉકેલ જડ્યો. બાળકને પણ દીક્ષા આપીને સાથે જ રાખવો. કુમળું છોડ વાળીએ તેમ વળે!

અને એક ઉગતા પહોરે આ ત્રણેય જીવો સંસારની માયા તજીને નીકળી પડ્યાં.

સાધુપિતાએ પુત્ર પ્રત્યે ખૂબ જ ધ્યાન આપવા માંડ્યું. ધર્મગ્રંથોના પવિત્ર શ્લોકોનું ઉચ્ચારણ શિખવવા માંડ્યું. ત્યાગની મહત્તા દર્શાવવા માંડી. ગુરુજનોના વિનય–વિવેકનું એને શીક્ષણ આપવા માંડ્યું.

આ બાળકનું નામ અરણિક મુનિ. સમય વીતવા લાગ્યો. જુવાની ફુટવા લાગી. મુખમંડળ પર બ્રહ્મતેજની દીપ્તિ પ્રગટવા માંડી. અને એક દિવસ જીર્ણ થયેલું પાંદડુ ખરી પડે એમ પિતાને કાળનું તેડું આવ્યું. પુત્રને માથેથી શિર છત્ર ગયું!

બળબળતા બપોરનો વખત છે. વૈશાખ–જેઠના તડકા તોબા પોકરાવે એવા છે. ત્યાં ગુરુની આજ્ઞા થઇ: 'અરણિક મુનિ, આજથી ગોચરી લાવવાની શરૂઆત કરો.'

મુનિ તૈયાર તો થઇ ગયા પણ મનમાં અનેક વિચારો ઉઠવા લાગ્યા: આ પ્રખર અગ્નિ જેવો તડકો, ઉઘાડે પગે ચાલવાનું, ભિક્ષા માંગવાનો અનુભવ પણ નહિ! શું થશે? આમ વિચારતાં બીજા બે ત્રણ સાધુઓની સાથમાં નીકળી પડ્યાં. અને પછી?

આભ થકી અંગારા વરસે ધરતી ધખધખ થાય
ખરે બપોરે અરણિક મુનિવર ગોચરી લેવા જાય.
બળબળતા તાપે પગ દાઝે આગળ નહિ ચલાય
પળભર થાક ઉતારવા બેસે શીતળ છાંય!

☆

થાક્યો પાક્યો જોગી બેઠો ઘરની શીતળ છાંયે
સોના સરિખો દેહ દીસે એનો સૂરજને ચમકારે.

ત્યાં તો અચાનક મેડી ઉપર
કોણ જુએ અણસારે?
મદ ભરેલી માનુનિ ત્યાં
મુનિના નેણ નિહાળે!
ઘરની શીતળ છાંયે.

પતિ જઇ પરદેશ વસ્યો ને
વિરહ આગ જલાવે
જોબનવંતો જોગી જોઇ
ઉર અતિ અકળાયે!
ઘરની શીતળ છાંયે.

☆

ધખધખી રહેલી ધરતી પર ઉઘાડે પગે ચાલતાં ચાલતાં તો અરણિક મુનિ ત્રાસી ગયાં. શરીરે રેબઝેબ થઇ ગયાં. પગને તળીયે ફોલ્લાં ઉઠવા લાગ્યા. વિસામાની જરૂર જણાઇ. એક મકાનની શીળી છાંયે પળભર બેઠા. બીજા સાધુઓ તો પોતાનું કામ પતાવીને ક્યારનાય પહોંચી ગયા.

ત્યાં એક અવનવિ ઘટના બની. સામેના ગોખમાંથી એક રૂપરૂપના અંબાર જેવી સ્ત્રી આ મુનિને ટીકી ટીકીને જોવા લાગી! તડકામાં તપેલું એમનું મુખ સોહામણું લાગતું હતું. બારબાર વરસોથી પતિના વિરહમાં ઝૂરી રહેલી આ યુવતી મુનિને જોતાં જ મુગ્ધ બની ગઇ. પરણ્યા ને થોડા દિવસમાં જ વેપાર અર્થે પરદેશ ગયેલો પતિ — એના જીવતા કે મૂઆના કંઇ સમાચાર પણ નહિ! પાણી વિના તરસતી જાણે માછલી! તરસ્યાને પાણી દેખાય એમ આ સ્ત્રીને મુનિ દેખાયાં! અને...

ઝટપટ ઘરમાં જઇને અંગે અલંકાર સૌ પહેરે
સાધુને ભરમાવવા કાજે ષટરસ ભોજન મૂકે!

આવો યોગીરાજ!
આવો યોગીરાજ!
મારે ગૃહે પધારો

પાવન કરવા આંગણુ મારું
વિનંતિ અવધારો
ભાવ થકી મેં ભોજન રાંધ્યાં
કૃપા કરી સ્વીકારો
આવો યોગીરાજ !

☆

'ધર્મલાભ' કહી મુનિવર આવ્યા મૂક્યા પાત્ર તમામ
ભોજન દઈ કામણુ કીધાં અંગે વ્યાપ્યો કામ !
નિર્દોષ – નિખાલસ બાળક સાધુ ના સમજ્યો નાદાન
ભામીનિએ ભોળવ્યો ભૂલ્યો તન મન ભાન !

☆

સરળ સ્વભાવના આ સાધુ ભિક્ષા લેવા આ રમણીને આવાસે ગયા. રમણીય સ્થળ, અદ્ભૂત સજાવટ, મિષ્ટ ભોજન, મદમાતી નારી, એનું મોહક સ્મીત અને એકાંત – આ બધાંએ એમના મનને ચંચળ અને વિહવળ બનાવી દીધું ! યુવાનીનો અબોલ ઝંકાર અંગે અંગે જાગૃત થઇ ગયો ! સુપ્ત વાસના સળવળી ઉઠી. મુનિના મનને જાણે કોઇ અગમ્ય ઘેન ચઢ્યું ! અને... અને સ્વતંત્ર રીતે વિહરતો કોઇ ભ્રમર જાણે કમળની નાજુક કેદમાં સપડાયો. સાધુ ધર્મ ભુલાયો.

અરણિક મુનિ ત્યાં જ રહી ગયા !

આ બાજુ વસંત ઋતુ સોળે શણગાર સજીને વિલસી

રહી છે. પ્રકૃતિમાં અગોચર સંગીત ગુંજી રહ્યું છે ત્યારે પેલી સુંદરીએ ગાયું:

જોગી, આવી ઋતુ બહાર
વિશ્વ દીસે મનોહાર.

વનઉપવનમાં વસંત આવી
ફૂલ ધરે શણગાર,
કળી કળી પર રસનો ભોગી
ભ્રમર કરે ગુંજાર,
આવી ઋતુ બહાર!

☆

રાતદિવસ આ પ્રેમી પંખીડાં નવા નવા રંગરાગ માણી રહ્યા છે – ત્યારે? —

અરણિક મુનિ ગોચરી લઈને પાછા ફર્યા નહિ તેથી ગુરુને ચિંતા થઈ. શોધાશોધ કરવા માંડી. ક્યાંય પત્તો નહિ.

એની સાધ્વી માતાને આ સમાચાર મળ્યા. શરૂઆતમાં તો એમને વિચાર આવ્યો: 'જોગીને કોણ પુત્ર કે કોણ સ્નેહી? પણ બીજી જ ક્ષણે માતૃત્વ જાગી ઊઠ્યું. 'મારો પુત્ર, મારો અરણિક હજી આવ્યો નથી? શું થયું હશે? રસ્તો ભૂલ્યો હશે? કે કોઈએ એને ભરમાવ્યો હશે?

તરત જ એની શોધમાં નીકળી પડી. શેરીએ, શેરીએ 'અરણિક'ના નામનો સાદ કરવા માંડ્યો. ગલીએ ગલીએ ઘૂમવા માંડ્યું. ઘેર ઘેર પૂછવા લાગી. કલાકો પસાર થઈ ગયા.

માતા ફરતી જ રહી. હૈયું અધીર બન્યું. આંખો ઉભરાવા લાગી. સાદ ફાટવા લાગ્યો. તો ય માતા થાકી નહિ. ન જોયાં રાત કે ન જોયો દિવસ! એ તો અરણિક અરણિક કરતી ઘૂમ્યા જ કરે છે. નથી ખાવાનું ભાન કે પીવાનું?

અરણિક અરણિક કરતી માતા ગલીએ ગલીએ ફરતી
ભૂખી–તરસી ભાન ભૂલીને પડતી–આથડતી!

☆

કોઈ બતાવો રે બાળ મારો
કોઈ બતાવો રે બાળ.

પહેલ વહેલો નીકળ્યો છે એ તો નાનકડો નાદાન
ગોચરી લેવા કાજ ગયેલો ભૂલો પડ્યો અણજાણ.

ક્યાંરે ગયો એને કોણે ભમાવ્યો?
ક્યાં જઈ કાઢું હું ભાળ?
ક્યાંરે ખાધું હશે, ક્યાંરે પીધું હશે
કોણ લે એની સંભાળ?
કોઈ બતાવો રે બાળ.

ઘર ઘર શોધું, વન વન શોધું, શોધું જંગલ–ઝાડ
કોઈ બતાવો, કોઈ બતાવો માનીશ મોટો પાડ!

☆

આ પુત્રઘેલી માતાને લોક ગાંડી સમજે છે. નાના નાના છોકરાંઓ એની મશ્કરી કરે છે. વસ્ત્રો પણ મેલાં થઈને

ફાટવા લાગ્યાં છે! શરીર સુકાવા લાગ્યું છે. આંખો ઊંડી ઉતરી ગઇ છે. તો યે એને શાંતિ નથી.

આમ પુત્રની પાછળ પાગલ જેવી બનેલી માતા આક્રંદ કરતી ઝૂરી રહી છે ત્યારે એનો પુત્ર તો પ્રેમને હિંડોળે ઝૂલી રહ્યો છે!

અહીં માતા ઝૂરે અતિશે વિજોગે
તહીં પુત્ર ઝૂલે ચઢીને હિંડોળે!

☆

જોગી ઝૂલે પ્રેમ–હિંડોળ!
જોગી ઝૂલે પ્રેમ–હિંડોળ!
જોબન રંગ–અનંગ વિલાસે નિરંતર કલ્લોલ
પ્રેમ જોગણી પરવશ કરતી બોલે મીઠાં બોલ.
રાત દિવસ રમણીની સંગે લૂંટે રસની છોળ
ચંચળ થઇ ચૂકયો ચારિત્રે ચિત્ત ચઢે ચકડોળ!
જોગી ઝૂલે પ્રેમ–હિંડોળ!

☆

ગોખ ઝરૂખે બેસીને ગમ્મત કરતાં જાય
ત્યાં અરણિકને કારમી કીકીયારી સંભળાય.

☆

શેતરંજની રમત જામી રહી છે ત્યાં તો આભ ચીરીને આવતી કોઇ તીણી ચીસ સંભળાઇ. એમાંનો 'અરણિક' શબ્દ કાનમાં અથડાયો. રમત માંડીને બેઠેલા અરણિકને માતાનો સાદ સંભળાયો. હૃદય જોરથી ધબકવા માંડ્યું. એકદમ ઊભો થઇ ગયો. ફાટી આંખે આક્રંદ કરતી પાગલ જેવી માતાને નિહાળી અને એણે તરત જ દોટ મૂકી!

દૂરદૂરથી અરણિક મુનિએ નિજ માતાને નિરખી
અરણિક, અરણિકના પોકારો કરતી નીચે પડતી,
ઉઠ્યો જોગી બની બાવરો રહી નાર ટળવળતી
સત્વર દોડ્યો ક્ષમા યાચવા માને ચરણે પડી!

☆

પંથ ભૂલેલો જોગી પડિયો માતાને ચરણે
'માફ કરો મા, માફ કરો મા, આવ્યો તમારે શરણે'

એક બીજાના હાલ જોઇને
માદીકરો ખૂબ રોયાં
મારગ ભૂલ્યા બાળ મુનિએ
આંસુડે પાપ જ ધોયાં!

પશ્ચાતાપે પાવન થાતાં નિર્મળ પુનિત ઝરણે
'માફ કરો મા, માફ કરો મા, આવ્યો તમારે શરણે'

☆

આખરે માતાએ પુત્રને શોધી કાઢ્યો. બંનેની આંખોમાંથી અશ્રુની ધારાઓ વહેવા લાગી. અરણિકને પોતાની ભૂલ બદલ પશ્ચાતાપ થયો. માતાએ પાછા ગુરુની પાસે જઇ પ્રાયશ્ચિત લેવાનું જણાવ્યું. અરણિકને પાછા ફરવામાં શરમ અને સંકોચ જણાયાં! 'મા, ગુરુની પાસે શું મોં લઇને આવું? મારું કાળું મોઢું દુનિયાને દેખાડતાં મને શરમ આવે છે!' ત્યારે માએ સમજાવ્યું: 'માણસ માત્ર ભૂલ કરે છે. ભૂલ કર્યા પછી

જે સુધારતો નથી, પડ્યા પછી જે ઉભા થવાનો પ્રયત્ન કરતો નથી તે માણસ નથી !' ત્યારે અરણિકે કહ્યું: 'હું એક શરતે આવું. મને અનશન લેવાની આજ્ઞા આપો તો હું આવું.!' 'તારી મરજી હોય તે કરજે પણ એકવાર ગુરુની પાસે આવીને પ્રાયશ્ચિત લઈ લે.'

આમ આ કલ્યાણવાંછુ જનેતા પાછી પુત્રને ગુરુની પાસે લઈ ગઈ. પોતેય પ્રાયશ્ચિત કર્યું અને પુત્રને પણ પ્રાયશ્ચિત કરાવ્યું.

અરણિકને લઇ માતા પાછા ગુરુની પાસે આવે
ભોગવિલાસે ડૂબેલાને દીક્ષા ફરી અપાવે.

દીક્ષા લઇને અરણિક મુનિવર
આતમ - દર્શન પાવે
ધખધખતી શીલા પર ઊભી
ભવોભવ પાપ ખપાવે
અનશન કરતાં કરતાં મુનિવર કેવળજ્ઞાનને પામે
અરણિક મુનિવર, આ અવનિપર જીવન ધન્ય બનાવે.

☆

# નેમ – રાજુલ

દેહલગ્નને કાજે નીસરેલા એક રાજકુમારના આત્મલગ્નમાં પરિવર્તન પામતા પ્રેમની અમર કહાણી આજે પણ પ્રેરણા આપી રહી છે.

આ રાજકુમારનું નામ શ્રી નેમકુમાર. દ્વારિકાના શ્રી કૃષ્ણ મહારાજાના એ નાના ભાઇ. રંગરાગ અને વિલાસના વાતાવરણ વચ્ચે વસનારો આ વૈરાગી આત્મા! સંસારીઓ જેને સુખ સમજી રાચતાં એમાં એને દુઃખોની પરંપરા દેખાતી. ભોગ–વાસના ભર્યા જીવનથી વિમુખ બનેલું એનું મન સદાય આત્મ–કલ્યાણના આદર્શ ભણી દોડતું.

એવા જળ–કમળવત્ રહેનારને ઊંડા કાદવમાં ઉતારવાનો પ્રયત્ન થયો! લગ્નના નામ માત્રથી ભડકનાર આ જુવાનને જબરજસ્તીથી સંસારની ધૂંસરીમાં જોડવાની તૈયારીઓ થઇ ચૂકી. ભાઇ ભોજાઇ અને સગાંસંબંધીઓના દબાણને આખરે એને વશ થવું પડયું.

લગ્નનો દિવસ નક્કી થઇ ગયો. આખી દ્વારિકા નગરી આનંદને હિલોળે ચઢી. મંગલ શરણાઇ ગુંજી ઉઠી. હજારો નરનારીઓ લગ્નયાત્રામાં બનીઠનીને નીકળી પડ્યાં. હાથી, ઘોડા, રથ, પાલખી વિગેરેથી રસ્તાઓ દેદીપ્યમાન થવા લાગ્યાં.

ત્યાં તો વરરાજાનો સોહામણો રથ આવી પહોંચ્યો. જાનૈયાઓની આગેવાની શ્રી કૃષ્ણ મહારાજાએ લીધી છે. ઢોલ નગારાં, ડંકા નિશાનના વિધવિધ વાદ્યો સ્વરાવલિ પૂરી રહ્યાં છે. લોક જાણે ઘેલું બન્યું છે!

નાચે અંગ અંગ વાગે ચંગ મૃદંગ ને રંગ ઉમંગ છવાયો
ઝાંઝ પખવાજ વળી શરણાઇ સાજ થકી ગીત મધુર ગવાયો.
સાજન – મ્હાજન કંઇ કંઇ રાજન આજે ન હરખ સમાયો
સજી શણગાર કંઈ નાચે નરનાર એમ નેમજીએ જાન જુડાયો!

દૂર શરણાઇના સ્વર વાગે
કંઇ જાનૈયા ડોલવા લાગે
થઇ ગાન તાનમાં ગુલતાન રે
આવી આવીરે નેમજીની જાન.

આવી રે, આવી રે, આવી રે ભાઈ,
જુઓ જાદવ કુળની શાન રે
ગાજે છે ડંકા નિશાન રે ... આવી
મ્હાલી રહ્યા છે કૃષ્ણ મહારાજા
વરણાગી દીસે છે નેમ વરરાજા
કંઈ ભૂલ્યાં છે તન મન ભાન રે
આવી આવી રે નેમજીની જાન.

દ્વારિકાની નાર, રૂપરૂપનાં અંબાર
સજી સોળે શણગાર
ઉર આનંદ અપાર
મુખમાં છે જેના પાન રે
અને ગાતાં મધુરાં ગાન રે
આવી આવી રે નેમજીની જાન.

આમ મંગળ ગીતો ગાતી ગાતી આ જાન ઉગ્રસેન રાજાના આંગણા તરફ પ્રયાણ કરી રહી છે. ત્યાં પણ સ્વાગતની અનૂપમ તૈયારીઓ થઇ રહી છે. રૂપરૂપના અંબાર જેવી કુંવરી રાજુલ એની સખીઓથી વીંટળાઇ વળી છે. શણગાર પૂરો થવા આવ્યો છે. પતિ મિલનની ઉત્સુક યુવતિ જાણે મીટ માંડીને બેઠી છે. એના હ્રદયમાં કેવા ભાવો ઉભરાતા હશે?

વરઘોડો આવી પહોંચ્યો. વરરાજાને પોંખવાની યોજના તૈયાર છે. પણ ... પણ ... આ શું? આ ધાંધલ જેવું શું દેખાય છે? લોકો બાવરા જેવા બનીને કેમ દોડાદોડ કરે છે? શું થઇ ગયું? શરણાઇ–વાજાં અને આ ગીતો એકાએક બંધ કેમ પડી ગયાં? વરરાજાનો રથ કેમ થંભી ગયો? વરરાજાના મુખ પર આટલી વ્યગ્રતા કેમ દેખાય છે? થયું છે શું?

એક સન્નાટો છાઇ ગયો! એકાએક અસંખ્ય પશુ પક્ષીઓ આક્રંદની કારમી કીકીયારી કરી ઉઠ્યાં! નેમકુમારના દિલમાં ઉલ્કાપાત મચી ગયો. અમારા ક્ષણિક આનંદ માટે આ હજારો નિર્દોષ પ્રાણીઓનું બળિદાન! એકની મઝા ને બીજાને સજા! અંતર કરુણાથી ઉભરાઈ આવ્યું. રથમાંથી કુદકો મારીને પોતાને હાથે જ તમામ પશુ પંખીઓને મુક્ત કરી દીધાં! અને તરત જ રથને પાછો વાળવાની સારથીને આજ્ઞા આપી:

રથને પાછો વાળ! સારથી
રથને પાછો વાળ!

અબોલ પશુના પોકારોમાં બોલી રહ્યો છે કાળ!
અહિંયા મંગળ ગીત ગવાતાં તહિં કરુણ કીકીયારી
અહિં વરણાગી નાચ રંગ ને તહિં વેદના ભારી
મેવા – મિઠાઇ થાળ ભર્યા અહિં તહિં મૃત્યુની ઝાળ!
સારથી, રથને પાછો વાળ!

મઝા આપણી સજા બીજાને આ તે ક્યાંનો ન્યાય?
લગન માં'ણીએ મગન બનીને બીજાને હૈયે લા'ય
મોત નિહાળી ધ્રુજતાં પશુને મુક્ત કરો તત્કાળ.
સારથી, રથને પાછો વાળ!

મારી જેમ આ સઘળા પ્રાણી ચાહે છે જીવવાને
જીવતર વ્હાલું જીવ માત્રને ચાહે ના મરવાને
જીવો ને જીવવા દ્યો સૌને એ સુત્રો સંભાળ
સારથી, રથને પાછો વાળ!

ચલો સારથી, જોઇ લીધાં મેં સુખદુઃખના ઓછાયા
નથી પરણવું લગ્નજીવન પણ બંધનના પડછાયા
મેળવવી છે હવે માહરે
મુક્તિની વરમાળ!
સારથી, રથને પાછો વાળ!

☆

રથ પાછો વળી ગયો. આનંદને બદલે ગમગીનીની ઘેરી છાયા પથરાઇ ગઇ. કન્યા પક્ષ વાળાના કાળજાં ફફડી ઊઠ્યાં!

આ તે કેવો જમાઈ?! લગ્ન કરવા આવ્યો હતો કે મશ્કરી કરવા? મહારાજા ઉગ્રસેનની હાલત કફોડી થઈ ગઈ!

ત્યારે પેલી બિચારી – કોડ ભરેલી, પીઠી ચોળેલી ને શણગાર સજીને બેઠેલી રાજુલને કેવો તીવ્ર આઘાત લાગ્યો હશે? એની શમણાંની મોટી મહેલાત ભાંગીને જાણે ભૂક્કો થઈ ગઈ. એના મનની વેદના આવા શબ્દોમાં ટપકી પડી :

તોરણથી પાછા વળ્યાં સુણી પશુનો પોકાર
નેમ વિનાની તરફડે વ્યાકુળ રાજુલ નાર.

☆

મારે દ્વારે આવીને એ ચાલી ગયા
મારા નેમજીના દિલમાં ન આવી દયા!

મેં તો મનડાના મોર એને માન્યા હતા
મેં તો ચિત્તડાના ચોર કહીને ચાહ્યા હતા
હવે દેલના નસીબમાં આંસુ રહ્યાં...મારે

એને પશુના પોકારોનું બ્હાનું મળ્યું
મારું રૂદન જોઈ એનું ચિત્ત ના ચળ્યું
મારાં કોડ બધાંયે અધૂરાં રહ્યાં...મારે

એણે ભવોભવની પ્રીતડી તોડી દીધી
એક અબળાને વગડામાં છોડી દીધી
દુઃખિયારીના દુઃખ નહિ જાય કહ્યાં!...મારે

☆

ક્યાંય સુધી રાજુલ રડતી રહી. ભાર હળવો થયો. કંઇક શાંત થઈ અને એની વિચારધારા બદલાઇ. નેમકુમાર પ્રત્યે આવેલો રોષ ધીમે ધીમે ઓગળવા લાગ્યો. જાતને જ પ્રશ્ન પૂછી રહી :

'તું તો કહેતી હતી ને કે નેમજી તો મારા ભવોભવના સ્વામી છે! અમારી તો આત્માની સગાઇ છે! હવે ક્યાં ઊડી ગઇ એવી ડાહી ડાહી વાતો ?!'

બસ, રાજુલનો શોક ઓસરી ગયો. એણે નિર્ણય કરી નાંખ્યો કે 'જ્યાં પતિ ત્યાં સતી.'

ત્યાં તો એની માતા પોતાની દુઃખિયારી દીકરીને આશ્વાસન આપવા આવી પહોંચી. પણ રાજુલને હવે આશ્વાસનની ક્યાં જરૂર હતી ? ઉલ્ટું એણે જે એની માને કીધું કે :

તને વિનવું છું માડી, તારા પગમાં પડી
હવે નહિ રે ઓઢું હું બીજાની ચૂંદડી!
કહેવું શું માવડી તને ઘડી ઘડી?...હવે

ભલે માનો તમે સૌ કુંવારી મને
હું તો પરણી ચૂકી છું મારા નેમને!
મારે અંગે છે એમની પીઠી ચડી... હવે

બીજાના મિંઢળ નથી મારે બાંધવા
બીજા કોઇ દેવને નથી રે આરાધવા
નવલી દુનિયાની મને કેડી જડી....હવે

પ્રિતમને પગલે પગલે જાવું
જોગીની પાછળ જોગણ થઈ જાવું
નહિ આવે રે આવો અવસર ઘડી ઘડી!
હવે નહિ રે ઓઢું હું બીજાની ચૂંદડી.

☆

થોડા દિવસ પછી એણે નેમકુમારને પત્ર લખ્યો. પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી. ભાવનાના આંસુના અક્ષરથી એણે લખ્યું:

આંસુના અક્ષરથી, ભીના રે અંતરથી
કાગળ લખીને રાજુલ મોકલે.

દેજો નેમજીને હાથ, મારા ભવોભવના નાથ
એટલું કે'જો કે અમને માફ કરે.

પશુના પોકારથી પાછાં વળ્યાં
નિર્દોષ પ્રાણીઓની આવી રે દયા
કુમળા તમારા દિલની, વેદના ન જાણી
નાહકના દોષ દીધાં તમને!

થયું તે થયું હવે ભૂલી રે જાજો
ઝેર ગળી જઈ અમૃત પાજો
કહે સૌ કુંવારી, પણ હું તો પરણી
આતમની પ્રીતને ના સમજી શકે!

કાગળમાં લખી મેં તો અંતરની ભાષા
ઉકેલી શકશો એટલી છે આશા

પતિ જયાં જશે ત્યાં
સતી આવશે ત્યાં
ભવોભવની પ્રીતડી તોડી ના તૂટે!

☆

તોરણથી પાછા વળેલા નેમકુમારે ઘેર આવીને જીવનના નવા પ્રસ્થાનની શરૂઆત કરવા માંડી. સંસાર પ્રત્યેનો એમનો રહ્યો સહ્યો રાગ આ નિમિત્ત મળતાં ઓસરી ગયો. અંતરમાં ત્યાગની બંસરી બજી રહી. પોતાનું જે કંઇ હતું એનું છુટે હાથે દાન દેવા માંડ્યું.

અને એક દિવસ સર્પ કાંચળી ઉતારે એમ એમણે સંસારનો ત્યાગ કરી દીધો. અને ચાલી નીકળ્યા.

આ મહાત્યાગીના પગલાં ગીરનારના ડુંગર પર મંડાયા અને જુગ જુગથી સૂતેલો આ ગિરિરાજ જાણે આ મહાત્માના આગમનથી ધન્ય બની ગયો!

વાદળથી વાતું કરે ઊંચો ગઢ ગિરનાર
પાવન થઇ ડોલી રહ્યો, જ્યારે આવ્યા નેમકુમાર
રાજુલ આવી સાથમાં છોડી સકલ સંસાર
અમર કહાણી પ્રેમની ગાઇ રહ્યો ગિરનાર!

☆

જોગી થઇને ચાલ્યા નેમકુમાર
ધન્ય બન્યો રે પેલો ગઢ ગિરનાર
વિચરે જવાં વિશ્વના તારણહાર...ધન્ય

જેને જગ-કલ્યાણની લાગી લગન
જીવનની સાધનામાં મનડું મગન
અંતરમાં પ્રગટે છે પ્રીતની અગન
આતમ ઉડે છે એનો ઊંચે ગગન

વાયરામાં વહેતી વસંતી બહાર
ધન્ય બન્યો રે પેલો ગઢ ગિરનાર.

એના પ્રાણમાંથી પ્રસરે છે એવો પ્રકાશ
ઉજાળી દીધાં છે ધરતી-આકાશ
ભવો ભવની પ્રીતડીનો બાંધ્યો છે પાશ
પૂરી છે રાજુલના અંતરની આશ

મોક્ષે સીધાવ્યા રાજુલ-નેમકુમાર
ધન્ય બન્યો રે પેલો ગઢ ગિરનાર!

☆

# મંત્રસાર–

કિંમત રૂા. ૩–૫૦ ન.પૈ.
પોસ્ટેજ ૦–૯૫ ન.પૈ. અલગ

★

શ્રી માણિભદ્રના છંદ (૨)
,, પદ્માવતીનો છંદ
,, મહાકાળીનો છંદ
,, ચક્રેશ્વરી દેવીની સ્તુતિ
,, મહાલક્ષ્મી અષ્ટક
,, મહાજ્વાલા અષ્ટક
**શ્રી નવકાર મંત્ર સંગ્રહ ફળદાયક વિધિ સહિત**
રક્ષામંત્ર (૧-૨-૩-૪)
શુભાશુભ જાણવાનો મંત્ર
વિદ્યા પ્રાપ્તિ મંત્ર
વાદજય મંત્ર
પરદેશ લાભ મંત્ર
વશીકરણ મંત્ર
કાર્યસિદ્ધિ મંત્ર
દ્રવ્યપ્રાપ્તિ મંત્ર
સર્વસિદ્ધિ મંત્ર
પુત્ર સંપદા પ્રાપ્તિ મંત્ર (૧–૨–૩)
દ્રવ્ય પ્રાપ્તિનો સાદો ઉપાય
શ્રી માણિભદ્રજીના મંત્રો
નાકોડા ભૈરવ સ્તોત્ર અને પ્રાર્થના
ભૈરવાષ્ટક
મંત્રગર્ભિત પદ્માવતી સ્તોત્ર
લક્ષ્મીપ્રાપ્તિ મંત્ર–૨
સર્વકાર્ય સિદ્ધિ મંત્ર–૧
વ્યાપારલાભ મંત્ર–૧
વસ્તુ વિક્રય મંત્ર–૧
રોગ નિવારણ મંત્ર–૨
શત્રુભય ને ક્લેશ નાશક મંત્ર–૧
સર્વભય નિવારણ મંત્ર
ચોરભય નિવારણ મંત્ર
કેદમુક્ત થવાના મંત્ર–૩
આકાશગમન મંત્ર–૧
ભૂતપ્રેતનિગ્રહ કરણ મંત્ર
શ્રી માણિભદ્ર પ્રત્યક્ષ કરવાનો મંત્ર
ગ્રહશાંતિ માટે ઉપયોગી યંત્રો જાપ વિગેરે
ગ્રહમુદ્રિકા યંત્ર
મંત્રોનું મહત્વ
મંત્ર સાધના વિધિ
ભૂમિ શુદ્ધિ કરવાનો મંત્ર
સ્નાન કરતાં જપવાનો મંત્ર
વસ્ત્ર પહેરતાં જપવાનો મંત્ર
શ્રી ઘંટાકર્ણ મહામંત્ર અને તેની સાધનાનો વિધિ
લક્ષ્મી પ્રાપ્તિ માટે યંત્રો-૧-૨